# श्री कृष्ण प्रणामी धर्म पत्रिका
# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા



जन्म दिनकी शुभ घड़ीपर परम पूज्य आचार्य महाराजश्रीकी भाव मुद्रा


जनवरी २०१०

वर्ष ८२ श्री ५ नवतनपुरी धाम, जामनगर अंक १

www.krishnapranami.org



परम पूज्य आचार्य महाराजश्रीके प्राकट्योत्सव ०१/०१/२०१०
के दिन आयोजित विभिन्न कार्यक्रमोंकी झलक

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા


વિ.સં ૨૦૬૬ નિજાનન્દાબ્દ : ૪૨૮ બુદ્ધજી શાકે : ૩૩૨

વર્ષ ૮૨ જાન્યુઆરી ૨૦૧૦ અંક : ૧

મુદ્રક, પ્રકાશક તેમજ સ્વામિત્વ } જગદ્ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ

મુદ્રણ તેમજ પ્રકાશન સ્થળ } શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મન્દિર જામનગર - ૩૬૧ ૦૦૧ (ગુજરાત) ભારત

સંપાદક મંડળ : શાસ્ત્રી શ્રી લક્ષ્મણ ચૈતન્ય
શ્રી કનકરાય વ્યાસ

વાર્ષિક શુલ્ક રૂા.૧૦૦/- | ૧૫ વર્ષીય શુલ્ક રૂા.૧૦૦૦/-



સરનામું : શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા, શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મન્દિર જામનગર - ૩૬૧ ૦૦૧ ( ગુજરાત)

ફોન : (૦૨૮૮) ૨૬૭૨૮૨૯ : ફેક્સ (૦૨૮૮) ૨૫૫૧૩૫૩

E-mail : navtan@sancharnet.in / navtanpuri@gmail.com

Website : www.krishnapranami.org/ www.krishnadham.org


## મકર સંક્રાંતિ

મકર સંક્રાંતિથી ઉત્તરાયણ પ્રારંભ થાય છે. માઘ મહિનામા તીર્થોમાં રહીને પૂજા, પાઠ, ભજન, ચિન્તન કરવાથી ખૂબ જ પુણ્ય મળે છે. આ મહિનામાં પ્રયાગમાં કલ્પવાસ થતો હોય છે. મહામતિશ્રી પ્રાણનાથજીએ ષટઋતુ ગ્રન્થમાં આ મહિમાનું વર્ણન કરી શીતકાલમાં વિરહિણીના આત્માની દશા દર્શાવી છે. આપણો આત્મા આ રીતે ન તડપતો હોય તો પણ આપણે નિજનામનો જપ, મંદિરમાં પરિક્રમા, ભજન-કીર્તન તથા શ્રી રાજજીનું ધ્યાન કરી શકીએ.

# એ બાની ચિત દે સુનિયો સાથ

**પૂજ્ય પાદ્ જગદ્ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ**

મહામતિ શ્રી પ્રાણનાથજીના સમગ્ર ઉપદેશના નવનીત સ્વરૂપ શ્રી તારતમ સાગર ગ્રન્થ બ્રહ્મજ્ઞાન, બ્રહ્મવાણી, બ્રહ્મવિદ્યા, રાજવિદ્યાના રૂપે પ્રસિદ્ધ છે. આ આત્મજ્ઞાન તથા બ્રહ્મજ્ઞાનનો મહાસાગર છે, જેમાં વિશ્વમાં પ્રચલિત જુદા જુદા ધાર્મિક મત-મતાન્તર, માન્યતાઓ, વિચાર તથા સિદ્ધાંત અલગ અલગ અથવા મિશ્રિત રૂપમાં સમાયેલા છે. આ વિશાળ ગ્રન્થમાં ધર્મના સિદ્ધાંત, દર્શન, સાધના પદ્ધતિ તથા માન્યતાઓની સાથોસાથ પરમાત્માના ધામ, સ્વરૂપ, નામ તથા લીલાઓનું વિશદ વર્ણન છે. જુદા જુદા મત-મતાન્તર તથા ધર્મમાં પ્રચલિત બાહ્ય આડમ્બરથી મુક્ત થઈને ધર્મના શુદ્ધ સ્વરૂપના પરિપાલનની પ્રક્રિયા તથા એક ઉદાત્ત સુશિક્ષિત તથા સ્વસ્થ સમાજની રચનાની વાત આમાં કહેવામાં આવી છે. પ્રત્યેક સુંદરસાથ માટે પોતાના મૂળ સ્વરૂપ, પર આત્મા, મૂલઘર પરમધામ તથા પોતાના સ્વામી પૂર્ણબ્રહ્મ પરમાત્માની પિછાણ માટે માર્ગદર્શિકા હોવાથી આ ગ્રન્થને પૂર્ણબ્રહ્મ પરમાત્માની વાઙ્મય મૂર્તિના સ્વરૂપે મંદિરમાં પધરાવી એમનું પૂજન, પઠન તથા પારાયણ કરવામાં આવે છે.

આ બ્રહ્મવાણીના અવતરણના સંદર્ભમાં પણ જાણવા જેવું છે કે આ પૂર્ણબ્રહ્મ પરમાત્મા અનાદિ અક્ષરાતીત શ્રી કૃષ્ણજી શ્રી રાજજીની આવેશ શક્તિ દ્વારા અવતરિત થઈ છે. જ્યારે આવેશ શક્તિ શરીર પર સંચારિત થાય છે તે સમયે શરીર કે લોકનું ભાન રહેતું નથી. જે રીતે ઇન્ટરનેટ પર સમ્પર્ક સ્થાપિત ((Internet conneted) થવાથી અનેક કાર્યો online થાય છે તેવી જ રીતે શ્રી રાજજીનું આવેશ બળ સંચારિત થવાથી મહામતિશ્રી પ્રાણનાથજીના મુખારવિન્દમાંથી આ બ્રહ્મવાણી અવતરિત થઈ છે. આજની Net ભાષામાં કહીએ તો એમ કહી શકાય કે મહામતિ જ્યારે online હોય ત્યારે તેમને પરમધામ દેખાતું હતું. શ્રી રાજજીના દર્શન થતાં હતા, શ્રી રાજજીનું માર્ગદર્શન મળતું હતું અને દેશ કાળ તથા પરિસ્થિતિ અનુસાર તેઓશ્રીના મુખારવિંદથી બ્રહ્મજ્ઞાનનું અવતરણ થતું હતું. જેને સમીપમાં રહેતા સુંદરસાથ લિપિબદ્ધ કરતા હતા. કેટલાંક પ્રસંગો એવા પણ બન્યા છે કે જ્યારે તેઓ online હોય તે સમયે તેમને દેહનું ભાન પણ રહેતું નહીં અને તેઓ સ્વયં આ બ્રહ્મ જ્ઞાનને લખતાં પણ હતા. પરંતુ એટલું

તો નક્કી છે કે આ જ્ઞાન online થવાથી જ અવતરિત થયું છે. એટલા માટે આ ગ્રન્થની વાણીને બ્રહ્મવાણી કહેવામાં આવેલ છે. આ કોઈ કવિની રચના (કવિતા) જેવી નથી. જેમકે,

**એ કિવ કર જિન જાનો મન, શ્રી ધનીજી લ્યાએ ધામસે વચન ।**
**સો કેહેતી હૂં પ્રકટ કર, પટ ટાલૂં આડા અંતર॥**

**(પ્રકાશ હિ. ૩૭/૪,૫)**

આ ચોપાઈ સ્પષ્ટ કરે છે કે સ્વયં પૂર્ણબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજીએ મહામતિ શ્રી પ્રાણનાથજીના દ્વારા આ જ્ઞાન અવતરિત કરાવ્યું છે.

સામાન્ય રીતે કાવ્ય રચનામાં રસની સાથે ગુણ, દોષ, છન્દ, અલંકાર, વગેરેનું વિશેષ ધ્યાન રાખવું પડે છે. બ્રહ્મ ચિંતન, બ્રહ્મધામ, ચિંતન તથા બ્રહ્માનંદ રસની અનુભૂતિમાં બાહ્ય ગુણદોષનો વિચાર મહત્ત્વ ધરાવતો નથી. એટલા માટે તારતમ સાગરમાં કાવ્ય લક્ષણોનું વિશેષ મહત્ત્વ નથી. આ તો સ્વયં પરમાત્માની શક્તિ દ્વારા પ્રગટ થવાથી હંમેશા તુલના ન કરવા લાયક તથા અનુપમ છે.

કહેવાય છે કે પરમાત્મા પોતે પ્રગટ થઈને પોતાનો પરિચય આપે છે. આ બ્રહ્મજ્ઞાનના વિષયમાં પણ આ વાત નક્કી છે કે સ્વયં પરમાત્માએ પોતાની શક્તિ દ્વારા પોતાનો પરિચય આપ્યો છે. નહિ તો પૂર્ણબ્રહ્મ પરમાત્માનું નામ, સ્વરૂપ, લીલા તથા ધામના વિષયમાં આટલું વિશદ્ સ્પષ્ટ તથા તારતમ્ય પૂર્વક વર્ણન વિશ્વના કોઈ પણ ધર્મગ્રન્થમાં ઉપલબ્ધ નથી. સૃષ્ટિના આદિ કાળથી જ આવા બ્રહ્મજ્ઞાનના અવતરણની પ્રતીક્ષા કરવામાં આવતી હતી. મહામતિ પોતે એ સ્પષ્ટ કરે છે કે,

**નિજનામ સોઈ જાહેર હુઆ, જાકી સબ દુની રાહ દેખત ।**
**મુક્તિ દેસી બ્રહ્માંડકો, આએ બ્રહ્મ આતમા સત ॥**

**(કિરંતન ૭૬/૧)**

બ્રહ્મધામના આત્માઓની સાથોસાથ બ્રહ્મવાણીનું પણ અવતરણ થયું છે. આ બ્રહ્મવાણી બ્રહ્માત્માઓને જાગૃત કરી તેમને પરમધામના અખંડ સુખોનો અનુભવ કરાવે છે. સાથોસાથ અન્ય જીવોને પણ અખંડ મુક્તિના અધિકારી બનાવે છે. બ્રહ્માનંદ રસની અનુભૂતિ માટે અનેક સાધકોએ કઠોર સાધનાઓ કરી તો પણ તેઓને આ અવસર પ્રાપ્ત થયો નહીં. આજે આપણને આ અવસર અનાયાસ પ્રાપ્ત

થયો છે. આ અવસરની પ્રતીક્ષા કરતાં સાધના કરવાવાળાઓમાં કેટલાંક મહાનુભાવોનો નામ ઉલ્લેખ આ પ્રમાણે છે,

**પેહ્લાદ જુધિષ્ઠિર વસુદેવ, બલિ રુકમાનંદ હરિચંદ ।**
**સગાલ દધીચ, મોરધ્વજ, કસની કર છૂટે યા ફન્દ ॥**

**સતવાદી નામ કેતે લેઊં, કૈ હુએ તરન તારન ।**
**સત ન છોડ્યા કઈ દુઃખ સહે, સો યા દિનકે કારન ॥**

**(કિરંતન ૫૫/ ૧૫,૧૬)**

આ બ્રહ્મવાણી તે મહાન જ્ઞાન રાશિ છે જેની પ્રાપ્તિ માટે અનેક સાધકોએ કઠોર સાધનાઓ કરી છે. આ સંદર્ભમાં મહામતિ કહે છે,

**યા બાનીકે કારને, કૈ કરેં તપસન ।**
**યા બાનીકે કારને, કૈ પીવેં અગિન ॥**

**યા બાનીકે કારને, કૈ દમેં દેહ ।**
**યા બાનીકે કારને, કૈ કરેં કષ્ટ સનેહ ॥**

**યા બાનીકે કારને, કૈ ગલેં હેમ ।**
**યા બાનીકે કારને, કૈ લેવેં અનસન નેમ ॥**

**યા બાનીકે કારને, કૈ ભૈરવ ઝંપાવે ।**
**યા વાનીકે કારને, તિલતિલ દેહ કટાવેં ॥**

**યા બાનીકે કારને, કૈ સન્ધાન સારે ।**
**યા બાનીકે કારને, કૈ દેહ જારે ॥**

**યા બાનીકે કારને, કરે કૈ વિધ તાબ ।**
**સો મુખથેં કેતે કહૂં, હુએ જો બિના હિસાબ ॥**

**(પ્ર. હિ. ૩૧/૯૫-૧૦૦)**

સુંદરસાથજી ! આવી બ્રહ્મવાણી આપણી પાસે છે જેનું રસપાન કરી આપણે આપણા આત્માને જાગૃત કરવાનો છે. જો એના પર ધ્યાનપૂર્વક વિચાર કરીશું તો આપણો આત્મા અવશ્ય જાગૃત થઈ જશે અને અમે પર્ણહૈંહી થઈને પરમધામ તથા પૂર્ણબ્રહ્મ પરમાત્માના સાક્ષાત્ દર્શન કરી શકીશું. એટલા માટે મહામતિ આપણને આ બ્રહ્મજ્ઞાન પર ધ્યાનપૂર્વક વિચાર કરવા માટે વારંવાર પ્રેરણા આપે છે. જેમકે,

**એ બાની નીકે વિચારિયોં, અન્તર માહેં બાહેર ।**
**તુમેં જગાઊં કર જાગની, દેખાય દેઊં જાહેર ॥**

**(ક. હિ. ૨૦/૫)**

આ ચોપાઈ સ્પષ્ટ કરે છે કે આપણે બાહર અને અંદર બન્ને બાજુએથી વિચાર કરવો જોઈએ. બાહ્યદષ્ટિથી તો હંમેશા જોઈએ જ છીએ પરંતુ અંતર્દૃષ્ટિને ખોલીને જોવા લાગીએ ત્યારે એમના દ્વારા પૂર્ણબ્રહ્મ પરમાત્માનું સ્વરૂપ દેખાવા લાગશે.

જુદી જુદી સાધનાઓથી પ્રતિભા તીક્ષ્ણ બની જાય છે, પરંતુ વિવેકના ઉદય થવાથી અજ્ઞાનની નિવૃત્તિ જરૂરી છે. બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થવાથી જ અજ્ઞાનનો નિવૃત્તિ થશે. અર્થાત્ અજ્ઞાન દૂર થશે. જ્યારે વિવેકનો ઉદય થશે અને અમે તેમાં પોતાને તથા પરમાત્માના સ્વરૂપને જાણી શકીશું. સ્વયંને જાણવું એ જ આત્મ જાગૃતિ છે. સ્વયંને જાણવાથી જ પરમાત્મની પિછાણ થશે.

આજે આ બ્રહ્મવાણી અમારી સમક્ષ ગર્જના કરી રહી છે. આપણે ખોજી બની આના પર મનન કરવા લાગીએ તો આપણને અજ્ઞાનતાથી છુટકારો મળશે અને આપણી ચિત્તવૃત્તિ પરબ્રહ્મ પરમાત્માની દિશામાં પ્રવૃત્ત થશે. નહિ તો મૂઢની જેમ લાપરવાહી કરતાં રહીશું તો ભવસાગરના પ્રવાહમાં વહી જશું. ભવસાગરના પ્રવાહમાં વહેતા આપણા લોકોની બાંય પકડીને મહામતિ આપણને પરમધામના માર્ગ તરફ લઈ જતાં કહે છે,

**એ બાની ગરજત માંઝ સંસાર, ખોજી ખોજ મિટાવે અન્ધાર ।**
**મૂઢમતિ ન જાને વિચાર, મહામતિ કહે પુકાર પુકાર ॥**

**(કિરંતન ૩/૯)**

આપણે આના પર વિચાર કરીએ, એના એક એક શબ્દ પર મનન કરીશું તો આપણને એક એક રહસ્ય સ્પષ્ટ થતું જશે અને અમે અધ્યાત્મની ઊંચાઈ પાર કરીને પરમાત્મા સુધી પહોંચીશું. નહિ તો કીટ પતંગિયાની જેમ આપણે પણ જન્મીશું અને મરીશું એટલું જ હશે.

કોઈપણ વ્યક્તિ કોઈપણ કાર્ય આરંભ કરે છે ત્યારે તે તેમાં સફળતા પ્રાપ્ત કરવા માટે નિરંતર લાગ્યો રહે છે. જ્યારે સફળતા પ્રાપ્ત થાય છે ત્યારે તેને સંતોષનો અનુભવ થશે. આવી જ રીતે આપણે સંસારની યાત્રામાં છીએ. આ જીવન યાત્રા પરમાત્મા સુધી પહોંચવા માટે છે. આ જ જીવનમાં આપણે પરમાત્માનો અનુભવ

કરવાનો છે. જ્યાં સુધી આપણને પરમાત્માની અનુભૂતિ થશે નહિ ત્યાં સુધી આપણી યાત્રા અધૂરી માનવામાં આવશે. આમ જ જીવન લીલા પૂર્ણ થઈ જશે તો આવા જીવનને સફળ નહિ પરંતુ નિષ્ફળ માનવામાં આવશે. એટલા માટે આપણે આ જીવનમાં પોતાને પિછાણી પરમાત્માને ઓળખવાનો પ્રયત્ન કરીએ. એમાં સફળતા પ્રાપ્ત થવાથી આપણી યાત્રા સફળ માનવામાં આવશે. આપણે આપણી યાત્રાને નિષ્ફળ બનાવવી નથી.

આ બ્રહ્મજ્ઞાન, બ્રહ્મવાણી આપણને આપણી યાત્રાને સફળ બનાવવા માટે મોકલવામાં આવી છે. એટલા માટે આપણે એના પર મનન કરીએ, ચિંતન કરીએ તથા એના આધારે ચાલવા માટે કટિબદ્ધ બનીએ. મહામતિ દ્વારા આ બ્રહ્મવાણી એટલા માટે અવતરિત થઈ છે અને તેઓ અમને આના પર મનન-ચિંતન કરવા માટે વારંવાર પ્રેરણા આપી રહ્યા છે.

---

# संपादकीय

**प्रिय सुन्दरसाथजी, पाठक वर्ग, लेखक एवं विद्वद् समुदाय सर्व प्रथम आप सभीको नूतन वर्षकी ढेर सारी शुभकामनायें। ८१ वर्षसे निरन्तर हमारे जीवनमें श्रद्धा, सेवा, प्रेम, भाव एवं भक्ति आदि अनमोल पाठ पढ़ाने वाली पत्रिकाने इस अंकके साथ ही ८२ वें वर्षमें प्रवेश किया है।**

**जीवनमें अध्यात्मका महत्त्व सर्वविदित है। पत्रिकाके माध्यमसे आत्माकी पहिचान और परमधामके रहस्योंको उद्घाटन होता रहा है। जिससे सुन्दरसाथ लाभान्वित होकर अपने जीवनका लक्ष्य निर्धारित करनेमें सफल रहे हैं। भविष्यमें भी यह पत्रिका हमारी मार्गदर्शिका बनी रहे। ऐसी शुभकामना।**

---

**बुढ़ापा ( सुन्दर ) रूपको, आशा धीरताको, मृत्यु प्राणोंको, दोष देखनेकी आदत धर्माचरणको, क्रोध लक्ष्मीको, नीच पुरुषोंकी सेवा सत्स्वभावको, काम लज्जाको और अभिमान सर्वस्वको नष्ठ कर देता है।**

**– विदुर नीति**

# મહામતિ શ્રી પ્રાણનાથજીનું યોગદાન

મહામતિ શ્રી પ્રાણનાથજીની ધર્મયાત્રાથી આપણને એ જાણવાનું મળે છે કે એક તરફ ભારતમાં હિંદુ પ્રજા પ્રતિ થઈ રહેલા અત્યાચારને દૂર કરી શાંતિની સ્થાપના કરવા માગતા હતા, તો બીજી તરફ તેમનો સંદેશ હતો કે પ્રત્યેક ધર્મ-સમ્પ્રદાય તથા મત-મતાન્તરના અનુયાયી પોતાના આચાર્યો તથા ગુરુજનોના માનવતાવાદી તેમજ પરમતત્ત્વ સંબંધી દૃષ્ટિકોણને ઓળખીને તેના અનુરૂપ આચરણ કરવા લાગી જાય, જેથી ધર્મના નામ પર પ્રચલિત મતભેદ દ્વારા ઉત્પન્ન અશાંતિનું નિવારણ થઈ શકે તેમજ પ્રેમ, મૈત્રીભાવ જેવાં સદ્‌ગુણોનો સ્વીકાર કરીને સાધારણ મનુષ્ય પણ શાંતિમય જીવન યાપન કરતાં કરતાં પરમતત્ત્વનો અનુભવ કરી શકે. તેમણે આપેલા સંદેશાઓ આ પ્રમાણે છે.

**૧. વિશ્વ માનવતા :** તેમના અનુસાર બધા માનવોએ આ સમજી લેવું જોઈએ કે આત્મા અવિનાશી હોવાથી બધી જ ચેતનાઓનો સંબંધ પરમાત્મા સાથે છે એટલા માટે બધી ચેતનાઓની જાતિ પરમાત્માની છે અને બધા પંચ ભૌતિક શારીરોની નીતિ નશ્વરતા (જગત) ની છે. તેઓ કહે છે,

**જાત એક ખસમ કી, ઔર ન કોઈ જાત ।**
**એક ખસમ એક દુનિયાં, ઔર ઉડ ગઈ દૂજી બાત ॥**

**સનંધ ૩૬/૧૭**

પ્રત્યેક પ્રાણીમાં પંચભૌતિક શરીર તેમજ ચેતના છે. ચેતનાની જાતિ પરમાત્માની છે અને શરીરની જાતિ નશ્વર જગતની છે. પછી શરીર ધારિયોમાં પણ ઉચ્ચ કહેવડાવવાવાળા મનુષ્યમાં પરસ્પર શત્રુતા શા માટે ?

જો કે તે સમયે ભારતમાં હિંદુ તથા મુસ્લિમ મતના અનુયાયી જ હતા છતાં શ્રી મહામતિ શ્રી પ્રાણનાથજીનો સંદેશ વિશ્વ માનવ માટે હતો. તે સમયે ધર્મના નામ પર હિંદુ ધર્માવલંબિયો પર અત્યાચાર થતા હતા. હિંદુઓમાં પણ બ્રાહ્મણ વર્ગ પોતાને ઉત્તમ માનતા હતા, મુસ્લિમ વર્ગ તો પોતાને પવિત્ર માનીને અલ્લાહને ન માનવાવાળાને કાફિર કહી તેમના પર અત્યાચાર કરવો પોતાનો ધર્મ સમજતા હતા. આવી પરિસ્થિતિમાં બંને સમુદાયોને સમજાવતાં મહામતિએ કહ્યું, તમે પોતાને શ્રેષ્ઠ માનો છો પરંતુ પોતે શું કરી રહ્યા છો, તેના ઉપર ક્યારેય વિચાર કર્યો છે ? માનવ માત્રની

શારીરિક સંરચના એક જ પ્રકારની છે તેમજ સર્વેમાં રહેલું ચૈતન્ય પણ એક જ પરમાત્માનો અંશ છે એટલા માટે પરસ્પર ઝઘડો કરવાની જરૂરત નથી. જે પંચભૌતિક દેહને હિંદુ અથવા મુસ્લિમ સમજીને તેને ઉત્તમ અથવા પવિત્ર માનીને ઝઘડી રહ્યા છો તે તો નાશવાન છે. તેને બાળી નાખો અથવા જમીનમાં દાટી દો તે માટી જ બની જશે. તેમણે કહ્યું,

**બ્રાહ્મણ કહે હમ ઉત્તમ, મુસલમાન કહે હમ પાક ।**
**દોઊ મુઠ્ઠી એક ઠૌર કી, એક રાખ દૂજી ખાક ।।**

**(સનંધ ૪૦/૪૨)**

(બ્રાહ્મણ કહેતા હોય છે અમે ઉત્તમ છીએ. મુસ્લિમ કહેતા હોય છે અમે પવિત્ર છીએ. ખરી રીતે આ કથન શરીરને માટે જ છે. બંને શરીરનું ઉદ્‌ગમ સ્થાન એક જ છે તેમજ મૃત્યુ પશ્ચાત્ પણ બંનેને માટીમાં જ એકરૂપ થઈ જવું પડશે.)

વેદ તથા કતેબ બંને પ્રકારના ગ્રંથોમાં આજ વાતની પુષ્ટિ છે,

**દોઊ કહે વજૂદ એક હૈ, અરવા સબમેં એક ।**
**વેદ કતેબ એક બતાવહીં, પર પાવે ન કોઈ વિવેક ।।**

(ખુલાસા ૧૨/૪૧)

(વેદ તથા કતેબ બંને ગંથો શરીરની સમાનતા (નશ્વરતા) તેમજ આત્માની સમાનતા (અખંડતા) ની વાત કરે છે. પરંતુ તે ગ્રંથોને માનવાવાળા પરસ્પર વિવેકપૂર્વક વિચાર નથી કરી રહ્યા.)

આ પ્રમાણે તેમણે વિશ્વમાનવતાને સંદેશ આપ્યો કે આ સંપૂર્ણ ભેદભાવ માત્ર વિચારોનો છે. આ વિચારોને યોગ્ય દિશા આપવામાં આવે તો વિશ્વમાં સંઘર્ષ દૂર થઈ શકશે.

**૨. વિશ્વધર્મ :** ધર્મના નામ પર ઝઘડા એટલા માટે થતા હોય છે કે લોકો પરમતત્ત્વને ભિન્ન-ભિન્ન નામોથી પોકારતા હોય છે. આ પ્રમાણે વિભિન્ન મત-મતાંતરના લોકોએ પોતાની વેશ-ભૂષાઓ પણ ભિન્ન-ભિન્ન પ્રકારની બનાવેલી છે. પરંતુ તેઓ બધા આ સમજી નથી શકતા કે બધાના પરમાત્મા એક જ છે. આના સંદર્ભમાં મહામતિનું કહેવું છે કે,

**જુદે જુદે નામેં ગાવહી, જુદે જુદે ભેષ અનેક ।**
**જિન કોઈ ઝઘડો આપ મેં, ધની સબોંકા એક ।।**

(સનંધ ૪૧/૭૨)

(લોકો એક જ પરમતત્ત્વને ભિન્ન-ભિન્ન નામથી પોકારે છે. વિભિન્ન મત-મતાન્તરના લોકોની વેશ-ભૂષા પણ ભિન્ન-ભિન્ન પ્રકારની છે તો પણ પરસ્પર સંઘર્ષ ન કરવો જોઈએ કારણ કે સર્વેના સ્વામી પરમાત્મા એક જ છે.)

મહામતિ શ્રી પ્રાણનાથજીને પૂર્ણ વિશ્વાસ હતો કે વિશ્વનો માનવ સમુદાય વિશ્વધર્મ તરફ અગ્રેસર થઈ શકે છે. જેમ જેમ તે તરફ પગલાં ભરાશે ત્યારે મોટા પ્રમાણમાં એકરૂપતા આવવા લાગશે. તેમણે આવી પરિસ્થિતિની પરિકલ્પના કંઈક આ પ્રમાણે કરી છે.

**સબ જાતેં મિલી એક ઠૌર, કોઈ ના કહે ધની મેરા ઔર ।।**

(પ્રકાશ હિન્દી ૩૭/૧૦૬)

(વિશ્વની બધી જાતિઓ કેટલાક સર્વમાન્ય મુદ્દાઓ પર એક થઈને એ સ્વીકાર કરશે કે અમારા બધાના સ્વામી પરમાત્મા એક જ છે.)

આ પ્રકારની પરિસ્થિતિ આવવાથી સર્વત્ર ઐક્ય છવાઈ જશે તેમજ બધા સમુદાયના લોકો એક સાથે મળીને પોત-પોતાના વ્યવહાર કરશે.

**જાત પાંત ના ભાંત કોઈ, એક ખાન પાન એક ગાન ।**

**(સનંધ ૨૭/૨૪)**

**૩. વિશ્વશાંતિ :** જો માનવ સમુદાય પાસ્પરિક દ્વેષ ભાવને છોડીને અનન્ય સદ્ભાવના તેમજ પ્રેમમય વ્યવહાર માટે અંતર્હૃદયથી ઇચ્છુક થશે અને તેના માટે સાર્થક પ્રયત્ન કરવા લાગી જશે તો આખા વિશ્વમાં શાંતિ છવાઈ જશે.

**છોડકે બૈર મિલે સબ પ્યારસોં, ભયા સકલ મેં જૈ જૈ કાર ।**

**(કિરતંન ૫૪/૧૨)**

(પરસ્પર શત્રુતાને છોડીને લોકો જ્યારે પ્રેમપૂર્વક એક બીજાને મળતા થશે ત્યારે આખા વિશ્વમાં શાંતિ છવાઈ જશે.)

આવી પરિસ્થિતિ આવી જશે તો આક્રમક વિચાર ધારાવાળા તેમજ સહિષ્ણુ

સ્વભાવવાળો વ્યક્તિઓ તથા સમુદાયોમાં પણ પરસ્પર મેળાપ શક્ય બનશે.

**વાઘ બકરી એક સંગ ચરે, કોઈ ન કરે કિસીસોં બૈર ।**
**પસુ પંખી સુખે ચરે ચુગે, છૂટ ગયો સબકો જેહેર ।।**

**(કિરંતન ૫૫/૨૦)**

**૪. ભારતીય સમાજ :** મહામતિ શ્રી પ્રાણનાથજીએ વર્ણ વ્યવસ્થાને ભારતીય સામાજિક એકતામાં અવરોધક માની તેમજ તેને દૂર કરવાનો પ્રયત્ન કર્યો. તેમણે વિભિન્ન જાતિના લોકોને ધર્મની દીક્ષા આપી. તેમનું કહેવું હતું કે પવિત્ર આચરણવાળી વ્યક્તિ જ ઉત્તમ છે. ભલે તે કોઈ પણ જાતિમાં કેમ ન જન્મ લીધો હોય. તેઓ કોઈ ખાસ જાતિમાં જન્મ લેનાર વ્યક્તિને જ ઉત્તમ માનવાની પરંપરામાં સુધારો લાવવાના આગ્રહી હતા. એટલા માટે તેમણે આભડછેટની પ્રથાને મહત્ત્વ આપ્યું નહીં. તેમણે સમાજને પૂછ્યું કે પવિત્ર આચરણ તેમજ નિર્મલ હૃદયવાળા ચંડાલ અને પરમાત્માનું સ્મરણ ન કરી દૂષિત આચરણ કરવાવાળા બ્રાહ્મણમાં કોણ અસ્પૃસ્ય છે ? તેઓ પોતે નિર્મળ હૃદયવાળી વ્યક્તિને ઉત્તમ માનવાના પક્ષમાં હતા,

**ચન્ડાલ હિરદે નિરમલ, સંગ ખેલેં ભગવાન ।**
**દેખાવે નહીં કાહૂં કો, ગોપ રાખે નામ ।।**

**વિપ્ર ભેષ બાહેર દષ્ટિ, ષટ કરમ પાલે વેદ ।**
**શ્યામ ખિન સુપને નહીં, જાને નહીં બ્રહ્મ ભેદ ।।**

**અબ કહો કાકે છૂએ, અંગ લાગે છોત ।**
**અધમ તમ વિપ્ર અંગે, ચંડાલ અંગ ઉદોત ।।**

**(સનંધ ૧૬/૧૯,૨૧,૨૩)**

(બ) સ્ત્રીઓ પ્રતિ સમાનતા માટે તેમણે વિશેષ આગ્રહ રાખ્યો. તેમનું કહેવું હતું કે શરીરની પ્રાકૃતિક સંરચના તથા પારિવારિક જવાબદારીના (ફરક) ભેદ સિવાય સ્ત્રી અને પુરુષમાં ભેદ માનવો જોઈએ નહીં. માત્ર સમાજમાં જ નહીં ધર્મ પાલનમાં પણ સમાન અધિકાર છે. તેમણે સ્ત્રીઓને પણ ધર્મમાં દીક્ષિત કરી સમાજમાં ઉત્ક્રાંતિનું સર્જન કર્યું.

(ક) પારસ્પરિક ઐક્ય તેમજ સંગઠન વિશે તેમનું કેવું હતું કે ભારતીય સમાજ

ઉપર વારંવાર બાહ્ય આક્રમણ તેમજ અત્યાચાર થવાનું કારણ સંગઠનનો અભાવ છે. જો આમ જ ચાલતું રહેશે તો પ્રજાનું શોષણ થતું રહેશે. એટલા માટે તેમણે મુઘલ શાસકોના અત્યાચાર વિરુદ્ધ હિંદુ સંગઠન ઉપર બળ આપ્યું અને વિભિન્ન ધર્મસંપ્રદાયોના આચાર્યો, તેમના અનુયાયીઓ તથા રાજા મહારાજાઓમાં પણ પારસ્પરિક ઐકયની વાત કરી.

ભારતીય દ્વીપમાં ત્રણે બાજુ સમુદ્ર હોવાથી બાહ્ય આક્રમણ થતા રહે તે શક્ય હતું. તેમાં પણ વર્તમાન ગુજરાતના સૌરાષ્ટ્ર તથા કચ્છ પ્રદેશમાં તો અરબસ્તાનની નિકટતાને કારણે બીજા સ્થાનો કરતાં વધારે આક્રમણો લૂંટ-ફાટ તથા અપહરણના બનાવો થતા હતા. મહામતિ શ્રી પ્રાણનાથજી જ્યારે ધર્મયાત્રામાં દીવ ગયા હતા તે સમયે તેમની સાથે જઈ રહેલા શિષ્ય સમુદાયને પણ અરબના ચાંચિયાઓએ અપહરણ કરી લીધા અને તેમને પાછા મોકલવા બદલ ઘણી ધન સંપત્તિની માગણી કરી. મહામતિને લાગ્યું કે વારંવાર થતાં આ બનાવોને હંમેશાને માટે દૂર કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ. એટલા માટે તેમણે સમદ્ર કાંઠાના પ્રદેશો (બંદરો તથા શહેરો) ની યાત્રા કરવાની યોજના કરી. એક એક સ્થાનમાં જઈને તેમણે ત્યાં રહેતા લોકોને સમજાવ્યા કે જો તમારામાંથી કોઈ પણ વ્યક્તિ આ અપહરણ કર્તાઓને પ્રત્યક્ષ તથા પરોક્ષ રૂપથી કોઈ પણ પ્રકારની મદદ નહીં આપે તો તેઓ તેમની યોજનાઓમાં ક્યારેય સફળ નહીં થઈ શકે. ત્યાંના લોકોને તેમની વાત ગમી અને તેમણે આવા અપહરણ કર્તાઓને કોઈ પણ પ્રકારનો સહયોગ નહીં આપવાનો સંકલ્પ કર્યો. આના સંદર્ભમાં મહામતિ શ્રી પ્રાણનાથજીના આ વિચારો સાથે સહમત થઈ જાય અને આવા વિચારોને કાર્યાન્વિત કરવા લાગી જાય તો તે દેશમાં સીમા પારથી પ્રભાવિત કરવાવાળી આતંકવાદી ગતિ વિધિઓ સમાપ્ત થઈ જશે.

## રાષ્ટ્રભાષા માટે હિંદીની ઘોષણા

જોકે ભારતના વિભિન્ન પ્રાન્તોમાં બોલ-ચાલ માટે વિભિન્ન ભાષાઓ હતી પરંતુ બધા પ્રદેશોને તથા ત્યાંના નાગરિકોને એક સૂત્રમાં બાંધવા માટે મહામતિએ કોઈ એક ભાષાની આવશ્યકતા ઉપર ભાર આપ્યો જેને સર્વસાધારણ લોકો પણ સમજી શકે. તેમને લાગ્યું કે આ પ્રકારની ભાષા હિંદી જ થઈ શકે છે. એટલા માટે તેમણે જાતે પણ હિંદી ભાષાનો પ્રયોગ કર્યો અને બીજા લોકોને પણ તેના માટે પ્રેરિત કર્યા. તે

સમયે આ ભાષા હિંદુસ્તાનીના નામથી પ્રચલિત હતી. જેમકે,

**બિના હિસાબોં બોલિયાં, મિને સકલ જહાન ।**
**સબકો સુગમ જાનકે, કહૂંગી હિન્દુસ્થાન ।।**
**બડી ભાષા એ હી ભલી, જો સબમેં જાહેર ।**

**(સનંધ ૧/૧૫,૧૬)**

**૫.હિંદુ ધર્મ :**

વિશ્વમાં પ્રચલિત વિભિન્ન સંપ્રદાયો જો કે માનવના ઉત્કર્ષ માટે છે છતાં તે બધાંમાં હિંદુ ધર્મની વિશેષતા કંઈક જુદી જ છે. તેમાં અહિંસા, સત્ય, પ્રેમ, મૈત્રી, સહિષ્ણુતા, ક્ષમા, સદાચાર, વિશ્વબંધુત્વ જેવા અનેક ગુણોને ધાર્મિક વ્યક્તિ માટે અતિ આવશ્યક માન્યા છે. મહામતિ શ્રી પ્રાણનાથજીના અનુસાર માનવીનો વ્યક્તિગત તેમજ સમૂહગત અભ્યુદય તથા જીવ, જગત તેમજ બ્રહ્મ જેવા દાર્શનિક પક્ષના સંદર્ભમાં હિંદુ ધર્મનો દષ્ટિકોણ વ્યાપક, ઉદાત્ત, વ્યવહારિક તથા તર્ક સંગત છે. એટલા માટે ભારતવર્ષ તથા હિંદુ ધર્મની ખૂબ જ પ્રશંસા કરી છે.

**ત્રૈલોકી રે ઉત્તમ ખંડ ભરત કો, તામે ઉત્તમ હિંદુ ધરમ ।**

હિંદુ ધર્મ ઉપર થઈ રહેલા આક્રમણને રોકવા માટે તેમણે પોતાના શિષ્ય સમુદાય સહિત ઘણા કષ્ટ સહન કર્યા છે. ગર્વ સાથે એ કહેવું પડશે કે તે પરસ્થિતિમાં ધર્માંધ રાજસત્તાને ખુલે આમ પડકાર આપવોએ કાંઈ સામાન્ય કાર્ય ન હતું.

---

**શ્રી તારતમ સાગર મૂલ તથા અર્થની સાથે online વાંચવા માટે જુઓ :**

**www.shritartamsagar.org**

**શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકાને online વાંચવા માટે :**

**www.khrishnapranami.org**

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મના કેટલાંક મન્તવ્યો

૧. પરમાત્મા એક છે. તેઓ ક્ષર, અક્ષરથી પર હોવાથી અક્ષરાતીત કહેવાય છે. તેમનું સ્વરૂપ સાકાર તથા નિરાકારની સીમામાં સીમિત નથી પરંતુ શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. તેમનો પૂર્ણબ્રહ્મ, પરબ્રહ્મ, ઉત્તમપુરુષ, પરમપુરુષ, પરમસત્ય વગેરે અનેક રૂપે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

૨. પૂર્ણબ્રહ્મ પરમાત્માના અંગ સ્વરૂપ અક્ષર બ્રહ્મના દ્વારા પલમાત્રમાં અનેક બ્રહ્માંડોની સૃષ્ટિ સ્થિતિ તથા લય થાય છે. સૃષ્ટિ બનવાથી પ્રત્યેક બ્રહ્માંડનું સંચાલન ભગવાન નારાયણને સોંપવામાં આવે છે. તેઓ પોતે અક્ષરબ્રહ્મના સ્વપ્ન સ્વરૂપ કહેવાય છે. પ્રત્યેક બ્રહ્માંડમાં ચૌદલોક હોય છે. ભગવાન નારાયણ સ્વયં બ્રહ્મા બની આ લોકોમાં પ્રાણીઓની સૃષ્ટિ બનાવે છે. ભગવાન શંકર બની તેમનો સંહાર કરે છે. પાલન પોષણનું કાર્ય ભગવાન વિષ્ણુનું હોવાથી તેમને આ જગતમાં વારંવાર આવવું પડે છે. એક વારની સૃષ્ટિમાં તેમને ૨૪ વાર આવવું પડે છે. વૈકુંઠધામ અર્થાત્ સત્ લોકથી મૃત્યુ લોકમાં તેમના આગમનને અવતાર કહેવામાં આવે છે. આ રીતે આ વખતની સૃષ્ટિમાં ભગવાન વિષ્ણુના ૨૪ અવતાર થયા છે.

૩. બ્રહ્માજી, ભગવાન વિષ્ણુ તથા ભગવાન શંકરને સૃષ્ટિ સ્થિતિ તથા લયમાં સહયોગ પહોંચાડવા માટે ૩૩ કોટી દેવી-દેવતાઓ છે. તેઓ સ્વર્ગમાં રહીને તેમની આજ્ઞાનું પાલન કરે છે. તેઓને અલગ-અલગ વિભાગ સોંપવામાં આવેલ છે. એટલા માટે સામાન્ય મનુષ્યોને પણ આ દેવી-દેવતાઓની શક્તિ તથા સહયોગની જાણકારી હોય છે માટે તેઓ એમને જ પરમાત્માના રૂપે માને છે.

૪.તત્ત્વચિંતક, મહાપુરુષોએ દેવી-દેવતાઓ, અવતારી પુરુષો, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ જેવા ત્રિદેવ તથા ભગવાન નારાયણની સ્થિતિનો સ્પષ્ટ ઉલ્લેખ કરતાં કહ્યું છે કે તેઓ ઉત્તરોત્તર મહાન છે. તો પણ તેમની શક્તિ આ જગતમાં જ કાર્યરત છે. એટલા માટે તેમની ઉપાસના, પૂજા અથવા ભક્તિથી નશ્વર જગત તથા સ્વર્ગ વગેરે લોકના સુખોની જ પ્રાપ્તિ થઈ શકે છે, જેને અખંડ સુખ માનવામાં આવતું નથી.

૫. પરમસુખ અથવા અખંડ મુક્તિ તો ક્ષર (નશ્વર) બ્રહ્માંડથી પર અક્ષર તથા અક્ષરથી પણ પર અક્ષરાતીત પૂર્ણબ્રહ્મ પરમાત્માની ભક્તિ તથા ઉપાસનાથી જ પ્રાપ્ત થઈ શકે છે. એટલા માટે પૂર્ણબ્રહ્મ  પરમાત્માની જ ઉપાસના, પૂજા તથા ભક્તિ કરવી એજ સર્વશ્રેષ્ઠ ઉપાય છે.

૬. બધા દેવી-દેવતા, અવતાર તથા ત્રિદેવ આદરણીય છે એટલું જ નહીં આ નશ્વર જગતમાં પણ જેટલા મહાપુરુષ તથા ભક્તજનો થયા છે તેઓ બધા આદરણીય છે, પરંતુ એ પણ ન ભૂલવું જોઈએ કે આપણા આત્માનો સંબંધ તે બધાથી પર પૂર્ણબ્રહ્મ પરમાત્માની સાથે છે જેઓ બધા દેવી-દેવતાઓ, અવતારો તથા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા ભગવાન નારાયણના પણ સ્વામી છે.

૭.આવા પૂર્ણબ્રહ્મ પરમાત્માની ભક્તિ અનન્ય પ્રેમભાવથી કરવામાં આવે છે. એટલા માટે સગુણ (નવધા) ભક્તિ તથા નિર્ગુણ ભક્તિ (અષ્ટાંગ યોગ) થી પણ ઉત્તમ ભક્તિ પરા પ્રેમલક્ષણા ભક્તિ કહેવાય છે. આ જગતમાં અનેક ભક્તોએ પ્રેમલક્ષણા ભક્તિના દ્વારા પરબ્રહ્મ પરમાત્માની આરાધના કરી છે. તેમાં વ્રજમંડલની ગોપિકાઓનું સ્થાન સર્વોચ્ચ માનવામાં આવ્યું છે.

૮. ચોરાસી લાખ યોનિઓમાં મનુષ્ય જીવન સર્વશ્રેષ્ઠ છે. પરંતુ મનુષ્ય યોનિમાં આવવા છતાં પણ પ્રેમલક્ષણા ભક્તિના દ્વારા પરબ્રહ્મ પરમાત્માની ઉપાસના ન કરવામાં આવે અથવા આ રીતની સમજણ કે જ્ઞાન ન થાય તો મનુષ્ય જીવનને નિષ્ફળ માનવું જોઈએ.

૯.એટલા માટે કોઈ પણ મનુષ્યને જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો તેને પૂર્ણબ્રહ્મ પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ, જો તે ભક્તિ કરતો હોય તો તેને તે જ પરમાત્માની ભક્તિ કરવી જોઈએ. જ્ઞાન અથવા ભક્તિ બન્નેથી પરબ્રહ્મ પરમાત્માની અનુભૂતિ થઈ શકે છે પરંતુ એટલું ધ્યાનમાં રહે કે પરમાત્માનો અનુભવ આત્મા જ કરી શકે છે. એના માટે મન, બુદ્ધિ ચિત્ત તથા અહંકાર આ ચારેય અંતઃકરણને શુદ્ધ કરવા જરૂરી છે. અંતઃકરણ શુદ્ધિ જ સાધના છે ભલે તે જ્ઞાનથી હોય કે એ ભક્તિ (પ્રેમ) થી.

૧૦.મનુષ્યને મનુષ્ય બનાવવા માટે ધર્મ સર્વપ્રથમ ઉત્તમ સંસ્કારોનું સિંચન કરે છે, લોક વ્યવહારનું જ્ઞાન આપે છે. જેથી શનૈઃ શનૈઃ (ધીમે-ધીમે) અંતઃકરણમાં શુદ્ધતા આવે છે. એમને જીવનનો અભ્યુદય કહ્યો છે. તે ઉપરાંત ધર્મનું બીજું કાર્ય સ્વસ્વરૂપની અનુભૂતિ અર્થાત્ આત્મજ્ઞાનનો માર્ગ નિર્દેશ કરવો છે. આત્માને અનુભવ થયાથી પછી જ પરમાત્માનો અનુભવ થઈ શકે છે. એટલા માટે શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મમાં સર્વપ્રથમ અંતઃકરણની પવિત્રતાની વાત કરવામાં આવી છે. અંતઃકરણ પવિત્ર થયા બાદ જ નિજાનંદ તથા બ્રહ્માનંદનો અનુભવ થઈ શકે છે. આ જ જીવનનું મુખ્ય ધ્યેય છે.

# મહામતિ શ્રી પ્રાણનાથનો
# ધાર્મિક દૃષ્ટિકોણ

આમ તો વિશ્વમાં પ્રચલિત ભિન્ન-ભિન્ન મત-મતાંતર ધર્મ અથવા સંપ્રદાઓના રૂપમાં પ્રચલિત છે અને તેમનાં સિદ્ધાંત, પદ્ધતિ, રીતિરિવાજ વગેરેમાં પણ વિભિન્નતા જોવામાં આવે છે છતાં મૂળરૂપે ધર્મ એક જ છે જેનાથી માનવતાનો અભ્યુદય તેમજ સ્વસ્વરૂપની અનુભૂતિ થાય છે. મહામતિ શ્રી પ્રાણનાથજીને પરમાત્માને સર્વોચ્ચ સત્તાના રૂપમાં માનીને કહ્યું કે તે એક જ છે. તે જ પરમ તત્ત્વ છે.

**પાર બ્રહ્મ તો પૂરણ એક હૈ**

(પૂર્ણ બ્રહ્મ પરમાત્મા એક છે અને સર્વોચ્ચ છે)

આજ પૂર્ણ બ્રહ્મ પરમાત્મા સાથે આત્માનો શાશ્વત સંબંધ છે. આત્માની ઓળખાણ થતાં આ સંબંધની ઓળખ થઈ શકે છે. એટલા માટે સર્વપ્રથમ આત્માની જાણકારી માટે તેમણે મહત્ત્વ આપ્યું.

**પેહેલે આપ પેહેચાનો રે સાધો, પેહેલે આપ પેહેચાનો ।**
**બિના આપ ચીન્હે પારબ્રહ્મકો, કૌન કહે મૈં જાનો ।।**

**(કિરંતન ૧/૧)**

(હે સાધકો ! સર્વપ્રથમ સ્વયં (આત્મા) ને પિછાણો સ્વયંને જાણ્યા વગર કોઈ પણ પરમાત્માની જાણકારી (અનુભૂતિ) થઈ શક્તી નથી.)

સ્વસ્વરૂપની અનુભૂતિ તથા પરમાત્માની જાણકારી માટે મનુષ્ય જ સર્વશ્રેષ્ઠ છે. ખરી રીતે આત્મા, પરમાત્મા તથા પરમાત્માનું ધામ પરમધામની અખંડતાને જાણવા સમજવા તેમજ અનુભવ કરવા માટે જ મનુષ્યનું જીવન છે.

**માનષે દેહ અખંડ ફલ પાઈએ, સો ક્યોં પાયેકે વૃથા ગમાઈયે ।**

**(કિરંતન ૩/૨)**

(માનવ દેહ જ અખંડ ફળની પ્રાપ્તિ-અનુભૂતિ માટે યોગ્ય છે આવા જીવનને પ્રાપ્ત કરી તેને વ્યર્થ ગુમાવવો જોઈએ નહીં.)

પરંતુ અંતઃકરણની પવિત્રા થયા બાદ જ આત્માની જાણકારી (ઓળખાણ) તથા પરમાત્માની અનુભૂતિ થઈ શકે છે નહીં તો અનેક પ્રયત્નો કરવા છતાં આ સંભવ નથી.

**અન્દર નાહીં નિરમલ ફેર ફેર નહાવે બાહેર ।**
**કર દેખાઈ કોટ બેર, તોહે ના મિલો કરતાર ।।**

**(કિરંતન ૧૩૨/૧)**

(જ્યાં સુધી તમારું અંતઃકરણ પવિત્ર નહીં થાય ત્યાં સુધી ન તો સ્વયંની જાણકારી (ઓળખાણ) થશે ન તો પરમાત્મા પ્રાપ્ત થશે. ભલે પછી તમે કેટલાયે બાહ્ય આચરણો કેમ ન કરી લો)

માનવ સમુદાય આ અમૂલ્ય જીવનનું મહત્ત્વ સમજ્યા વગર તેને માત્ર ખાન-પાન તથા ભૌતિક સુખ સગવડોમાં જ વ્યતીત કરી રહ્યો છે.

**આવો અવસર કેમ ભૂલિયો, કારણ એક કોલિયા અન્ન ।**
**એટલા માટે આપ મુઝાઈ, કેટલા કરો છો કઈ કોટ વિઘન ।।**

**(કિરંતન ૧૩૧/૧)**

આવા સુંદર અવસરને માત્ર એક કોળિયા ભોજન માટે વ્યતીત કરવો નહીં જોઈએ, આમ કરવાથી પછી અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.)

આ માનવજીવન જેટલું અમૂલ્ય છે તેટલું જ ક્ષણ ભંગુર પણ છે, માનવ આને સમજ્યા વિના વ્યર્થ વેડફી રહ્યો છે. આ એટલું અમૂલ્ય છે કે આની માત્ર એક પળની સરખામણી પણ બીજી કોઈ વસ્તુ સાથે કરી શકાતી નથી,

**એતો અધખિનકો અવસર સો ગમાવત માઝ નિદર ।।**

**(કિરંતન ૩/૨)**

**પલ એક જાયે ઈન સમેકી, કછૂ ન આવે ઈનકી જોડ ।**

**(કિરંતન ૭૮/૩)**

પરમાત્માની પ્રાપ્તિ માટે તેમણે સાધનાના રૂપમાં ભક્તિ માર્ગ (તેમાં પણ પ્રેમલક્ષણા ભક્તિ) ને મહત્ત્વપૂર્ણ માન્યો અને ગોપીઓની જેમ અનન્ય પ્રેમને સર્વોચ્ચ માન્યો છે.

**યામેં પ્રેમ લક્ષણા એક પારબ્રહ્મસોં, એક ગોપિયોં એ રસ પાયા ।**

**(કિરંતન ૩૨/૯)**

(પૂર્ણબ્રહ્મ પરમાત્માની ભક્તિ માટે પ્રેમલક્ષણા ભક્તિ જ એક માત્ર સાધન છે. આનો સર્વપ્રથમ રસાસ્વાદ ગોપીઓએ કર્યો છે)

ભક્તિની સાથો-સાથ જ્ઞાનને પણ તેમણે અનિવાર્ય કહ્યું છે. કારણ કે સમજ

વગર મનુષ્ય પરમતત્ત્વનો અનુભવ કરી શક્તો નથી.

**સમઝે બિના સુખ પારકો નાહીં, જો ઉદ્યમ કરો કૈ લાખ ।**
**તોલોં પ્રેમ ન ઉપજે પૂરા, જો લોં અંદર ન દેવે સાખ ॥**
**(કિરતંન ૨૮/૧૯)**

(કરોડો પ્રયત્નો કરવા છતાં સમજ વગર પારનું સુખ પ્રાપ્ત થઈ શક્તું નથી. જ્યાં સુધી અંતરની સાક્ષી પ્રાપ્ત થતી નથી ત્યાં સુધી હૃદયમાં પ્રેમ પ્રકટ થતો નથી.) તેમણે પ્રેમ અને બ્રહ્મને એક રૂપમાં જોયાને કહ્યું કે પ્રેમથી જ પારના દ્વાર ખુલ્લે છે.

**પ્રેમ બ્રહ્મ દોઊ એક હૈ ।**

**(પરિક્રમા ૩૯/૧૦)**

(પ્રેમ અને બ્રહ્મ બંને એક જ છે)

**પ્રેમ ખોલ દેવે સબ દ્વાર, પારકે પાર પિયાકે પાર ।**

(પરિક્રમા ૧/૬૪)

(પ્રેમ જ પારના દ્વાર ખોલીને પરમાત્માની અનુભૂતિ કરાવે છે)

**પ્રેમ ઐસી ભાંત સુધારે, ઠૌર બૈઠે પાર ઉતારે ।**

(પરિક્રમા ૧/૫૨)

(અનન્ય પ્રેમભાવ જાગૃત થતાં આત્માની સ્થિતિ એવી સુધરી જતી હોય છે કે તે શરીરમાં રહેતો હોવા છતાં પારનો અનુભવ કરી શકે છે.

---

## અગત્યની સૂચના

**શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકાનું ૮૧મું વર્ષ પૂર્ણ થાય છે. આ અંકથી પત્રિકા ૮૨ માં વર્ષમાં પ્રવેશ કરે છે. સૌના સાથ સહકાર બદલ ધન્યવાદ. આપે લવાજમના રૂા. ૧૦૦ મોકલી આપવાના રહેશે. લવાજમ મોકલતી વખતે ગ્રાહક નંબર, પુરું સરનામું મ.ઓ. ની કાપલીમાં અવશ્ય લખવું.**

**આપને લવાજમ ભર્યા છતાં પત્રિકા ન મળતી હોય અથવા સરનામું બદલાઈ ગયું હોય તો નીચેના નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.**

**કુણાલ વ્યાસ-૦૯૯૭૯૮૫૬૨૨૮**

# સત્સંગનો મહિમા

## ધનસુખ જે. પટેલ, સંતરામપુર

સત્સંગ એટલે 'સત' નો સંગ, પરમાત્માને આનંદઘન, ચિદ્‌ઘનની જેમ સત્‌સ્વરૂપ પણ કહેવામાં આવે છે, કેમ કે પરમાત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. શ્રીમદ્‌ભાગવતમાં આથી કહેવાયું છે. **'સત્યં પર ધિમહી'** સત એટલે કે જે અસત નથી તે. પરમાત્મા સિવાય સર્વ કાંઈ ચલ કહેવાય છે. **'બ્રહ્મ સત્ય જગત્‌ મિથ્યા'** આમ સત્સંગનો સીધો અર્થ થાય પરમાત્માનો સંગ. તેમ છતાં કેટલાક દુર્જનોને અલ્પમતિ જનોને ભેગા કરીને તેમને પરમાત્મા પરક વિચારો આપવામાં આવા છે અને પ્રભુકાર્ય માટે પ્રેરિત કરવામાં આવે તો આ બેઠકને પણ સત્સંગ કહેવાય. અહીં દુર્જનોનો સંગ ન કહેતાં આ બેઠકમાં વહેતા પ્રભુના વિચારોનો સંગ થતો હોઈને આવા કાર્યમાં પરમાત્માની વધુને વધુ નજીક જવાય અને આ ક્રિયામાં બે કે તેથી વધુ વ્યક્તિઓ જોડાયેલી હોય તો ત્યાં સત્સંગ કહેવાય છે.

આમ તો ધર્મના લૌકિક વ્યવહાર પક્ષ કરતાં અલૌકિક આધ્યાત્મ પક્ષે સત્સંગનું મહિમા ગાન વિશેષ જોવા મળે છે. તેમ છતાં ધર્મના લૌકિક પક્ષને પણ સત્સંગ ઉજવળતા બક્ષતો હોય છે મનુષ્યજીવનનું ઉત્તમદર્શન તેના ઉત્તમ વિચારો અને આદર્શોમાં ડોકાતું હોય છે. તે માટે સદ્‌શ્રવણ અને સદ્‌વાંચનનો આગ્રહ રાખવામાં આવે છે. આ બધું એક રીતે સત્સંગ જ કહી શકાય. આમ કહીને જે કાંઈ શુભ છે તેને પ્રતિષ્ઠિત કરીને મનુષ્યે શુદ્ધ થવાનું છે. સત્સંગ ત્યારે સિદ્ધ થયો કહેવાય જ્યારે તે શુભ આચરણમાં ડોકાય અને ગુણો વિકસિત થાય. આ સંત્સંગની અંતતોગત્વ પરિણતી છે મોક્ષ દ્વારા પરમાત્માની પ્રાપ્તિ.

સદ્‌ગુણ, સદ્‌ચિત્ર, સદ્‌વાચન, સદ્‌ગુરુ, સદ્‌વિચાર, સત્કાર્ય આ બધામાં સત શબ્દ રહેલો છે જ્યારે શુભ માટે પ્રયોજનો હોય છે ત્યારે આ બધામાં પરમાત્માની ખુશી જ રહેતી હોય છે. કોઈ પણ કૃતિ જેમાં પરમાત્મા પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે કેન્દ્રવર્તી સ્વરૂપ નિહિત હોય અને પરમાત્માના તેમાં આશીર્વાદ રહેતા હોય તેનો સંગ સત્સંગ બની જતો હોય છે. આમ અત્રે સારરૂપ પરમાત્મા હોઈને તેના વગર સત્સંગ અસંભવિત છે. મહામતિ શ્રી પ્રાણનાથજી સત શબ્દ પર વિશેષ પ્રકાશ પાડતાં કહે છે.

**સત સાથ દેત દેખાઈ, સત આનંદ અંગ ન માઈ ।**
**સત સાથસોં કરો પ્રિત, દેખો સત ઘરકી એ રીત ।।**

**(કિરંતન ૭૬/૫)**

જ્યારે પણ સત્ પરમાત્માના દર્શન થાય ત્યારે પરમાત્મા આનંદ સ્વરૂપે અંગમાં ઊભરાઈ આવે છે. પ્રેમ વ્યવહાર એ પરમાત્માના ઘરની રીત છે ? આમ સત્સંગ પ્રેમભાવના વ્યવહારથી દિપી ઉઠે છે.

મનુષ્ય એક સામજિક પ્રાણી હોઈને તે એકલો રહી શક્તો નથી તેને કોઈનો પણ સહવાસ જોઈએ. આથી કુટુંબ વ્યવસ્થા, સમાજ વ્યવસ્થાનું નિર્માણ થયું. જે કાંઈ સારું થયું તે સત્સંગનું પરિણામ કહેવાય. કુસંગ તો આવી વ્યવસ્થાઓને વેર વિખેર કરી નાખે. કુસંગ અજ્ઞાનતાના કારણે હોય છે. આ અજ્ઞાનાંધાકર હટાવવા જ્ઞાન પ્રકાશ જરૂરી છે. આ જ્ઞાન પ્રકાશ માટે સત્સંગ જરૂરી છે. ગંગાસતી કહે છે.

**'સંગતુ કરો તો તમે એવાની કરજો, ભજનમાં રહે ભરપુર રે.........'** આપણે આપણી અજ્ઞાનતા હટાવવાની છે ત્યારે આવા મહાપુરુષોનો સંગ જરૂરી બને છે. સંગ તેવો રંગ ના ન્યાયે આવા સત્સંગ દ્વારા જીવન ઉજવળ બનતું હોય છે. ધર્માનુરાગીના જીવનની અનિવાર્યતા રૂપ છે. જે સત્સંગ દ્વારા જ સહજ બને છે. મહામતિ શ્રી પ્રાણનાથજી કહે છે,

**સંગ કરજો સાધની, એ રુદે કરશે પ્રકાશ ।**
**ત્યારે તે સર્વે સુઝસે, અંધકારનો નાશ ।।**

આપણે પરમાત્માના ગુણો ધારણ કરવા પ્રવૃત થઈએ, તેનું વહન કરીએ અને તે માટે કોઈ પણ પ્રવૃતિ કરીએ, આ મિશનમાં કોઈને પણ સામેલ કરી તે માટે પ્રેરીએ ત્યારે થઈ રહેલા આ કાર્યોમાં પરમાત્માની ખુશી અને પ્રેરણા બંને સમાયેલા હોઈને તેને પ્રભુકાર્ય કહેવાય. કોઈ પણ માનવતા વાદી પ્રવૃત્તિઓમાં જોડાઇ, સદ્‌વાંચન કરીએ અને અન્યને તે માટે પ્રેરીએ. સદ્‌શ્રવણ કરી અને અન્યને તે માટે પ્રેરીએ આ બધા પ્રભુકાર્યો જ કહેવાય. આ બધાં કાર્યો સત્સંગ રૂપ બની જતાં હોય છે.

સત્સંગ ને સુસંગ પણ કહેવાય તેથી કહી શકાય કે કુસંગ છૂટે તો સત્સંગ થાય. સત્સંગ માટે કુસંગનો ત્યાગ કરવા મન મનાવવું પડે અને સુસંગ માટેના વિચારોને ક્રિયાન્વિત કરવા પડે. મંદિર આ માટેનું એક માધ્યમ છે. મંદિરમાં ગયા એટલે દુનિયાની ઝંઝટ છૂટે અને પરમાત્મા સાથે એકાકાર થવાની તક મળે. આત્મા પરમાત્મા વિષયક

ચર્ચાઓ થાય. સરખી વિચાર સરણી ધરાવતા લોકો સાથે મળીને અને અન્યોને પણ ભેગા કરીને ધાર્મિકતાની લગન જગાડતા કાર્યો કરે તો તે પણ સત્સંગ કહેવાય. ધર્મ શબ્દ સાથે સત્સંગને ગાઢ સંબંધ છે. જ્યાં ધર્મ છે ત્યાં સત્સંગ સુલભ હોય અને જ્યાં અધર્મ છે ત્યાં કુસંગ હોય. તેનું પરિણામ કેવું હોય ? રાવણ અને દુર્યોધન મહાન હતા, તેમ છતાં કુસંગના પરિણામે તેમણે જીવનને બરબાદ કરી નાખ્યું.

**સંત, સપૂતને તુંબડા, ત્રણેયનો એક સ્વભાવ ।**
**તારે પણ ડૂબે નહિ, અને ઉતારી દે ભવ પાર ॥**

આ સત્સંગનો છે પ્રતાપ. તેથી જ મુમુક્ષુજનો સંતપુરુષોનો સંગ ઈચ્છે છે. તેથી તેઓ સદ્‌ગુરુ શરણે જતા હોય છે, કોઈ મંદિરમાં જતા હોય છે, કોઈ કથા પ્રવચનમાં જતા હોય છે કોઈ પારાયણોમાં જતા હોય છે. યોગ, ધ્યાનની શિબિરો થતી હોય છે તેમાં પણ જતાં હોય છે અને આત્મસાક્ષાત્કારની અનુભૂતિ યોગનો લાભ લેતા હોય છે. આજે તો વિજ્ઞાનની શોધખોળના પરિણામે સત્સંગી પ્રસાર-પ્રસારના કાર્યક્રમોનો લાભી ટી. વી. ના માધ્યમથી મળી રહેતો હોય છે. સત્સંગ માટે અનેક રીતો અજમાવવામાં આવતી હોય છે. પહેલાંના સમયમાં સમૂહ ભોજન, સમૂહ પ્રાર્થના અને સાંજે સમૂહમાં બેસવાનો રીવાજ હતો તે એક રીતે સત્ સંગત જ કહી શકાય. તેથી જ સંયુક્ત કટુંબોમાં પણ શાંતિ જળવાઈ રહેતી હતી. આજે સમયની માંગ પ્રમાણે વિભક્ત કુટુંબના કારણોમાં સત્સંગ સિવાય અન્ય કારણો હોય છે. તેમ છતાં આ પ્રકારના સત્સંગનો લાભ ન્યૂન થઈ ગયો છે. આ માટે સત્સંગ રૂપમાં નજીક અવાય તે માટેના આયોજન કરી શકાય. ઉત્સવો પ્રસંગો ને પણ નિમિત્ત બનાવી શકાય. જાગણી વિષયક વિચાર સરણીવાળા લોકો ભેગા થઈને સત્સંગનું આયોજન કરતા હોય છે તેમાં પણ સામેલ થઈ શકાય.

મનુષ્ય વૃદ્ધ થતાં ચાલવા માટે લાકડીને ટેકો લે છે. લાકડી એક સાધન છે તેમ મુમુક્ષુજનો માટે સત્સંગ પણ પરમાત્મા પ્રાપ્તિ માટેનું એક સાધન છે. આ સાધન દ્વારા તે જ્ઞાન અર્જન કરે છે, પોતાની સાધનાને પુષ્ટ કરે છે. સ્વાભાવિક છે તેનો પ્રભાવ મન, વચન અને કર્મ પર પડે. સત્સંગના પ્રભાવનું એક પૌરાણિક દૃષ્ટાંત જોઈએ. સત્સંગના પ્રભાવ બાબતે નારદજી બ્રહ્માજીને પ્રશ્ન કરે છે તેના ઉત્તરમાં બ્રહ્માજી તેમને અમુક જગ્યાએ જઈને છાણમાં રહેલા કીડાને આ પ્રશ્ન કરવાનું સૂચવ્યું. નારદજીએ તેમ કરતાં કીડો તત્કાળ મરી ગયો, ફરી બ્રહ્માજીએ તાજા જન્મેલા પોપટના

બચ્ચાં પાસે જવાનું કહ્યું. તે પણ પ્રશ્નનો ઉત્તર આપ્યા વગર મરી ગયું પછી ગાયના તાજા જન્મેલા વાછરડા પાસે જવાનું કહ્યું. તે પણ ઉત્તર આપ્યા વગર મરી ગયું. છેલ્લે રાજયના રાજકુંવરને ત્યાં તાજેતરમાં જ અવતરીત પુત્રને પ્રશ્ન કરવા મોકલ્યા. પુત્રએ સત્સંગના મહિમા પ્રભાવના જવાબમાં કહ્યું કે પહેલાં હું કીડો હતો, પછી પોપટ બચ્ચું ત્યાર બાદ ગાયનું વાછરડું બન્યો. દરેક વખતે આપે પૂછેલા પ્રશ્નમા સત્સંગ મહિમા શબ્દ સાંભળતાં મારો ઉદ્ધાર થતો ગયો છેલ્લે ઉચ્ચકૂળમાં જન્મ પ્રાપ્ત થયો. આમ સત્સંગ શબ્દ માત્ર સાંભળવાના પ્રતાપે ક્રમિક વિકાસને અંતે ઉત્તમ યોનીમાં રાજપુત્ર થયો. આજે સત્સંગનો મહિમા પ્રભાવ અધમ યોનીમાં આયુષ્ય ક્ષય થાય અને ઉત્તમ યોની પ્રાપ્ત થાય.

તપશ્ચર્યા, યોગ, ધ્યાન બધામાં વ્યક્તિ કેન્દ્રિત સાધના આત્મલક્ષી હોઈને અને સત્સંગ સમૂહભાવ લક્ષી હોઈને સત્સંગનું ફળ-પ્રભાવ શ્રેષ્ઠ રૂપનો હોય છે. વિશ્વામિત્રના હજારો વર્ષની તપશ્ચર્યા કરતાં વશિષ્ટ ઋષિનો લવ સત્સંગ શ્રેષ્ઠ દર્શાવતું દૃષ્ટાંત પુરાણમાં મોજુદ છે. સત્સંગના પરિણામે મન અને ચિત્તની શુદ્ધિ થાય છે. પૂર્વ જન્મના સંસ્કારો તેથી જાગૃત થતાં આત્મા અને પરમાત્માનો સંબંધ સમજાય. સત્સંગથી ભૌતિકતાનું આકર્ષણ ઓછું થવા લાગે છે, દુઃખને પરાસ્ત કરવાની શકિત પ્રાપ્ત થાય છે, વિચાર દ્વારા રસગર્ભ બનતાં નમ્રતા વિનય અને મીઠાશ આવવા લાગે છે. સત્સંગથી વિવેક અને વિવેકથી બુદ્ધિ શુદ્ધ થાય છે, માનવજીવન ઉન્નત બને છે.

ચોરના એક પ્રચલિત દૃષ્ટાંત પર ધ્યાન કેન્દ્રિત કરવા ઇચ્છુ છું. ચોરને મરતા બાપનો ઉપદેશ હતો કે સત્સંગમાં ક્યારેય જતો નહીં અને સાંભળતો પણ નહીં. બાપને બીક હતી કે એમ કરતાં ક્યાંક ચોરોનો ધંધો પડી ભાગે અને કુટુંબની આજીવિકા પડી ભાંગે. એક વખત ચોરી કરવા જતાં રસ્તામાં ચોરને કાંટો વાગ્યો. નજીકમાં જ સત્સંગ ચાલતો હતો. કાટો કાઢવા માટે કાનમાં નાખેલી આંગળી હટાવતાં તેને સંભળાયું કે, દેવોને પડછાયો હોતો નથી. આ શબ્દોના પ્રતાપે પાછળથી તે બચી જાય છે અને પોતાના કબીલાને પણ બચાવી લે છે. એક જ કાંટા વાગ્યતા સત્સંગથી તેનું આખું જીવન પલટાઈ ગયું અને તેના સંસર્ગથી અનેકોના જીવનમાં પણ સોનાનો સૂરજ ઊગ્યો. નારદજીના સત્સંગથી વાલિયો લૂટારો વાલ્મિકી ઋષિ બન્યો અને જગતને રામાયાણની ભેટ મળી. આવા સદ્‌પુસ્તકોનું વાંચન પણ સત્સંગ કહેવાય. તેમ છતાં સામૂહિક ભાવથી થતો સત્સંગ વધુ પ્રભાવી બની શકે છે. સત્સંગ માટે કહેવાય છે કે તે આધ્યાત્મિકતાનું સાધન છે અને મોક્ષરૂપ પરિણામનું નિમિત્ત પણ છે.

સ્વાભાવિક છે કે વ્યક્તિના મન, વચન અને કર્મ પર આ પ્રમાણે પ્રભાવ પડતો હોય ત્યારે વ્યક્તિ ઉપરાંત કુટુંબ અને સમાજને પણ ખૂબ લાભ થતો હોય છે. સત્સંગ પ્રભાવી વ્યક્તિ અને કુટુંબો સમાજને ઉપયોગી થવા હંમેશા તત્પર રહેતાં હોય છે. અગાઉના દૃષ્ટાંતમાં જોયું કે ચોર પલટાતાં તેણે પોતાના આખા સમાજને સુધાર્યો અને સૌને સન્માનનીય જિંદગી જીવવા માટે પ્રેર્યો. સમાજમાં પ્રવર્તતા અનિષ્ઠો, બખેડાઓ અને હુંસાતુસી સમાજને નિમ્ન સ્તરે લઈ જતા હોય છે તેમાંથી ઉગરવા માટે સત્સંગ જ પ્રબળ માધ્યમ છે સત્સંગ એ ઉત્તમ પ્લેટફાર્મ છે. સત્સંગથી માન સન્માન જાળવવાની ભાવના, સમભાવની પુષ્ટિ થતી હોઈ તેની જાદૂઈ અસર થતી હોય છે. યુદ્ધ અટકાવવા માટે વિષ્ટિના પ્રયત્નો થતા હોય છે. આ વિષ્ટિ સત્સંગનું જ તો ફળ છે. દયા, પરોપકાર, નિઃસ્વાર્થતાના ગુણોનું દાન સત્સંગ સમાજને કરે છે.

નરસિંહ, કબીર, દાદુ દયાળ, નાનક, મહામતિ શ્રી પ્રાણનાથજી જેવા સંતો એ સત્સંગમાં જ જીવન સમર્પિત કરી નાખ્યું. તેમની આહ્લેક સમાજને કેટલી બધી ઉપયોગી થઈ શકી છે ? તેમણે અનેકોના જીવનના અંધકારને જ્ઞાનદીપકથી પ્રકાશિત કરી આપ્યા, દીપસે દીપ જલે એ ન્યાયે આ જ્યોત આજે પણ અનેકોના જીવને પ્રકાશિત કરી રહી છે. સૌથી મોટું સત્સંગ કેન્દ્ર મંદિર કહી શકાય કેમકે અહીં નિત્ય સત્સંગ થતો હોય છે. સંતો કહે છે, સત્સંગ તો સહજ સુલભ છે પણ તેનો લાભ લેવો દુર્લભ છે. કાંઈ નહીં તો પોતાના આત્માનો સંગ કરવામાં આવે તો તે પણ સત્સંગ બની જાય છે. કેમ કે આત્મા પરમાત્માનો જ અંશ છે. જયાં સત્સંગ છે ત્યાં પરમાત્મા છે પરંતુ આપણાં મન, ચિત્ત અને બુદ્ધિ શુદ્ધ જોઈએ.

---

**સાથ વચન સાંભલિયાં એહ, વાસનાએ કીધાં મૂલ સનેહ ।**
**તે માંહે એક ઈન્દ્રાવતી, કહેવાણી સહુમાં મહામતિ ।।**

**(પ્રકાશ ગુજરાતી ૩૭/૨૧)**

**શ્રી ૫ નવતનપુરી ધામમાં સદ્ગુરુ પાસેથી સુંદરસાથે તારતમ જ્ઞાન સાંભળ્યું અને તેઓ તેમને મૂળ પરમધામના જેવો જ પ્રેમ કરવા લાગ્યા. એ સુંદરસાથમાં એક ઈન્દ્રાવતીનો આત્મા હતો. જે બધામાં મહામતિ(ઉત્તમ બુદ્ધિયુક્ત )કહેવાઈ.**

# આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજશ્રીના
# જન્મદિનની ઊજવણી

પહેલી જાન્યુઆરી ૨૦૧૦ ના રોજ આ.રા. નૂતન વર્ષનું મંગલમય સુપ્રભાત ભક્તિસંગીતના સુમધુર ગાનથી શ્રી ૫ નવતનપુરી ધામનું પરિસર ગૂંજતું હતું. સંત-મહાત્માઓ, વિદ્વાનો ટ્રસ્ટીગણ, સુંદરસાથજીમાં આજે આનંદ, ઉમંગ અને ઉત્સાહનો માહોલ હતો. સૌના ચહેરા પર પ્રસન્નતા અને અંતરમાં આનંદ હિલોળા લેતો નજરે પડતો હતો. આજે સૌના વંદનીય, પૂજનીય શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય ૧૦૮ શ્રી કૃષ્ણમણિજી મહારાજશ્રીના જન્મદિનની ઊજવણી હતી. આ અતિ આનંદ-મંગલના શુભ અને વિશિષ્ટ દિને અલગ અલગ પ્રાંતોમાંથી પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીને જન્મ દિનની શુભેચ્છા અર્પણ કરવા વિશાળ સંખ્યામાં સુંદરસાથજી ઉપસ્થિત હતા.

કાર્યક્રમનો શુભારંભ શ્રી રાજીવ લોચનની ભક્તિ વંદનાથી કરવામાં આવ્યો. આ પ્રસંગે શ્રી અમૃતરાજજી શર્મા, શ્રી નારાયણ સ્વામી, શ્રી પુરુષોત્તમ શાસ્ત્રી (શામળાજી), શ્રી રાજન શાસ્ત્રી (અમદાવાદ), શાસ્ત્રી શ્રી લક્ષ્મણ ચૈતન્યજીએ આચાર્ય મહારાજશ્રીને શબ્દપુષ્પો દ્વારા શુભકામના અર્પણ કરી, ત્યારબાદ પ્રણામી વિદ્યા મંદિર અને હાઈસ્કૂલના બાળકો દ્વારા વક્તવ્ય અને જન્મદિનની ભાવવંદના સભર સુંદર ગીત રજૂ કરવામાં આવ્યું.

શ્રી ૫ નવતનપુરી ધામના એકઝીક્યુટીવ ટ્રસ્ટીશ્રી નવીનભાઈ પરીખે ૨૦૦૯ દરમિયાન થયેલી સંસ્થાની પ્રગતિનો અહેલાલ રજૂ કરી ભાવિ કાર્યક્રમોની રૂપરેખા આપી.

નૌતનપુરી ધામ ખીજડા મંદિર પરિસરનો જે જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે તેનાથી આપ સૌ સુવિદિત છો. એટલે તે અંગે પુનરાવર્તન કરવાનો અર્થ નથી. પરંતુ નવદેહુરીનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. તો તેના દર્શનનો લાભ લેવા સૌ સુંદરસાથને વિનંતી. ઇ.સ. ૨૦૦૯ માં પરમ પૂજ્ય મહારાજશ્રીની નિશ્રામાં અને તેઓશ્રીના માર્ગદર્શન હેઠળ જે કાર્યો થયાં છે તેનો અહેવાલ અત્રે આપતાં આનંદ થાય છે.

(૧) રોડ માર્ગે ભોપાલ, સાગર, છત્તરપુર થઈને પન્નાજી જવાય છે.એટલે મધ્ય પ્રદેશના સાગર શહેરની નજીકમાં સાગર-કાનપુર નેશનલ હાઈવે પર બિલકુલ રોડ ટચ દોઢ એકર જમીન ટ્રસ્ટના નામે વેચાણ લેવામાં આવી છે.

(૨) ધોરાજીમાં બાઈજીરાજ મહારાણી સેવાઆશ્રમ મધ્યેના પહેલે માળે અદ્યતન હોલ તથા એટેચ લેટ્રીન, બાથરૂમવાળા બે રૂમ વપરાશમાં લઈ શકાય તે રીતે તૈયાર થઈ ગયા છે . હવે લગત આવેલ વધારાની જમીન લેવાનો પ્રયત્ન ચાલે છે. ત્યાર બાદ બાઈજીરાજજીનું અદ્યતન મંદિર ત્યાં બંધાવવામાં આવશે.

(૩) શામળાજીમાં સૂચિત મંદિરનું મોડલ સ્થળ ઉપર મૂકવામાં આવેલ જે મુજબ મંદિરનું બાંધકામ હવે શરૂ થનાર છે.

(૪) રાજકોટ (ઘંટેશ્વર)માં જમીન વેચાણ લીધેલ છે. તેમાં આશરે એકાદ એકર જમીનમાં ઘંટેશ્વરના બે દરબાર ભાઈઓએ દબાણ કરેલ હોઈ તેમની સામે ફોજદારી કાર્યવાહી કરતાં તેઓની પોલીસે ધરપકડ કરેલ. ત્યારબાદ જામીન ઉપર છૂટીને તેઓએ રાજકોટની સીવીલ કોર્ટમાં ટ્રસ્ટ સામે કેસ કરેલ, જેમાં તેઓ હારી જતાં ડીસ્ટ્રીકટ કોર્ટ, રાજકોટમાં અપીલમાં ગએલ છે. એટલે ત્યાંની પ્રગતિ અટકી ગઈ છે.

(૫) જામનગરથી દ્વારકા જતાં મેઈન રોડ ટચ, પેટ્રોલ પંપની સામે સાંઈ મંદિર નજીર આશરે ૧૨ એકર જમીન વેચાણ લીધેલ છે જેનાથી સૌ સુંદરસાથ વિદિત છે. આ જમીનની આજુબાજુ વોટર રિસોર્ટ અને થ્રીસ્ટાર હોટલ થતી હોવાના સમાચાર મળ્યા છે.એટલે ટ્રસ્ટની આ જમીન હાલ ખૂબ જ કિંમતી છે. અહીં રાજકોટ (ઘંટેશ્વર) જેવું દબાણ ન થાય તે માટે સમગ્ર જમીનની ફરતે પાકી કંપાઉન્ડ વોલ કરવાનું કામ હાલમાં ચાલુ છે.

(૬) સુરત મધ્યે નાની બહુચરાજીમાં ત્રણ હોલ અને રોડ સાઈડ દુકાનો ઉતારવામાં આવેલ છે. હવે જૂની ૭ આરડીઓને પાડીને ત્યાં open space રાખવાથી સુંદર મોટું ખુલ્લું ચોગાન ઉપલબ્ધ થશે. એટલે પ્રસંગોપાત આ ચોગાનનો ઘણો સારો ઉપયોગ થઈ શકશે.

(૭) ખીજડા મંદિરના ભોજનાલય ઉપર ત્રીજા માળે એટેચ લેટ્રીન બાથવાળા ૩૦ રૂમ તથા ભંડારની પાછળ નવા કિચન ઉપર ૧૨ રૂમ કરવાના છે, જેની જાહેરાત પ્રણામી ધર્મ પત્રિકાના ગતાંકમાં આપવામાં આવેલી. આજ પર્યન્ત ૧૯ રૂમનું બુકિંગ થઈ ગયેલ છે. આ રૂમમાં આવવા-જવા લીફ્ટનું આયોજન કરવામાં આવનાર છે.

(૮) ઓડિયો-વિડિયો રેકોડીંગ સ્ટુડિયોનું નિર્માણ : આપણે કેસેટ-સીડીના રેકોડીંગ માટે રાજકોટ કે અમદાવાદ જવું પડતું હતું તેને બદલે હવે મંદિર પરિસરમાં આ સ્ટુડિયો બની ગયો છે.

(૯) લાઈબ્રેરીનો પ્રારંભ : આપણા જૂના અને નવા દુર્લભ પુસ્તકો (હસ્ત લેખિત પણ) આપણી પાસે ઉપલબ્ધ હોવા છતાં તેનો લાભ સુંદરસાથને આપી શકાતો ન હતો. એટલે અત્રે લાયબ્રેરીનું નિર્માણ કરવામાં આવેલ છે. જેનો લાભ સુંદરસાથ લઈ શકશે.

આ પ્રસંગે લોક કલ્યાણકારી પ્રવૃત્તિના ભાગ રૂપે રક્તદાન કેમ્પનું આયોજન જી. જી. હોસ્પિટલના સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં ૭૬ વ્યક્તિઓએ પોતાનું બ્લડ આપી ગુરુજીના જન્મદિનની ઉજવણીને સાર્થક કરી હતી. માનવ વિકાસ ટ્રસ્ટના સહયોગથી ડાયાબિટીસ પરીક્ષણ શિબિરમાં ૧૨૬ દર્દીઓએ ફ્રી મેડીસન તથા માર્ગદર્શન મેળવી લાભ લીધો હતો. શ્રી સુરેન્દ્ર પ્રણામી અને પ્રિ. આશર સાહેબે આ બંને કાર્યોનું સંચાલન કર્યું હતું.

શ્રી ૫ નવતનપુરી ધામના આચાર્યશ્રી ૧૦૮ કૃષ્ણમણિજીના જન્મદિન પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં ઉદ્‌બોધન કરતાં તેઓશ્રીએ જણાવ્યું કે આજે આ. રા. કેલેન્ડરનો પ્રથમ દિવસ છે. સાથોસાથ ગુજરાતની સુવર્ણ જયંતીનો આ સુઅવસર છે. સ્વર્ણિમ ગુજરાત એટલે સુખ, શાંતિ અને સમૃદ્ધિની સાથોસાથ સમગ્ર ગુજરાતના લોકોના આનંદની કામના. ગુજરાત રાજ્યની સુર્વણ જયંતી પ્રસંગે સંકલ્પના સહારે ગુજરાત રાજ્યનો વિકાસ કરી રાષ્ટ્રમાં મહત્ત્વનું પ્રદાન કરવાનો સમય એટલે સ્વર્ણિમ ગુજરાત ૨૦૧૦. આપણે સૌ આજના આ મંગલમય પ્રસંગે સંકલ્પ કરીએ કે ગુજરાતની સુદીર્ઘ પ્રગતિ થાય, સમૃદ્ધિને વિકાસમાં હરણફાળ ભરે, નાગરિકો શિક્ષિત, સંસ્કૃત અને સંસ્કારી બને, સારું છે તેને વધુ સારું બનાવીએ તેમજ તેઓશ્રીએ ગુજરાતને સુરાજ્યની દિશામાં લઈ જવાનું આહ્‌વાન કર્યું. આ અંગે વિશેષમાં જણાવ્યું કે સૌના અંતઃકરણમાં ભક્તિ, પ્રેમનો ભાવ પ્રગટ કરીએ. હૃદય શુદ્ધ બનશે તો તેમાંથી પ્રેમ નીકળશે અને આ પ્રેમનો પ્રવાહ પ્રવાહિત થઈને ગુજરાતની વિકાસયાત્રાને પલ્લવિત કરે એ અંગે આપણે સૌ કટિબદ્ધ થઈએ, સંકલ્પ બદ્ધ થઈએ.

આ અંગે ગુજરાત સરકાર સ્વર્ણિમ ગુજરાતની તૈયારીમાં કેટલાયે દિવસોથી વ્યસ્ત છે. આ કાર્ય આપણા સહુનું છે એ વાતને ખ્યાલમાં રાખી આ પણ આપણો જ કાર્યક્રમ છે એમ માની સહયોગી બનીએ.

આ પ્રસંગે તેઓશ્રીએ વિશેષમાં જણાવ્યું કે, આપ સૌની શુભકામનાને સાધુવાદ આપું છું. શ્રી ૫ નવતનપુરી ધામની જે પ્રગતિ થઈ છે તે સહુના સાથ સહકાર અને સહયોગથી થાય છે. શ્રી રાજજીની અસીમ કૃપા અને ગુરુજનોના આશીર્વાદનું પરિણામ

છે. આપણને ફક્ત નિમિત્ત બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. શ્રી રાજજી આપણને આ માટે લાયક બનાવે એવી પ્રાર્થના કરું છું.

નૂતન વર્ષે આપણે પૂર્ણબ્રહ્મ પરમાત્માને જાણીએ, તેમની લીલા અને સ્વરૂપની બાબતમાં, નામની બાબતમાં સમજ આપવાનો પ્રયત્ન કરવાની જરૂર છે અને આ સઘળી વાતો સમગ્ર દુનિયામાં પ્રસરે એટલે તો કહ્યું છે કે **'એ સુખ દેઉ બ્રહ્મસૃષ્ટિકો તો મૈં અંગના નાર'** આ સુખ અન્યોને પણ આપી શકીએ તો ખરા અર્થમાં આપણે બ્રહ્મસૃષ્ટિ છીએ એ સાર્થક થાય.

આપણે શ્રી રાજજીના સાન્નિધ્યનો અનુભવ કરવા માટે લાયક બનીએ, આ જીવનમાં એમની અનુભૂતિ થાય, એવો આનંદનો અનુભવ કરાવીએ અને કરીએ. સૌના માટે સુખ, શાંતિ અને આનંદની કામના કરીએ. એટલે મહામતિના સંકલ્પ 'સુખ શીતલ કરું સંસાર' ને ચરિતાર્થ કરવા માટે આપણે સહુએ પ્રયત્ન કરવો ઘટે. આ માટે અંતઃકરણમાં ભક્તિ, પ્રેમ ભાવના પ્રકટ કરીએ, હૃદય શુદ્ધ બને તો પ્રેમ નીકળે અને એ પ્રવાહ પ્રવાહિત થાય. આ માટે અંતઃકરણની શુદ્ધિ તથા, ભક્તિ સાધના કરી આપણા કર્તવ્યનું નિષ્ઠાપૂર્વક પાલન કરવું જોઈએ.

પૂજ્યપાદ આચાર્યશ્રી કૃષ્ણમણિજી મહારાજશ્રીના આશીર્વચન બાદ ટ્રસ્ટમંડળ વતી શ્રી નવીનભાઈ પરીખ, શ્રી તુલસીદાસભાઈ ઠક્કર અને શ્રી મનસુખભાઈ સાંઘાણી એશાલ અને પુષ્પગુચ્છ અર્પણ કરી શુભકામના પાઠવી. પ્રણામી શૈક્ષણિક સંકુલનો સ્ટાફ ગણ, અમેરિકાથી આવેલા સુંદરસાથ, જામનગર શહેરના રાજકીય, સામાજિક આગેવાનો તેમજ જામનગર શહેરના ભાવિક ભક્તજનોએ આચાર્યશ્રીને પુષ્પો અર્પણ કરી જન્મદિનની શુભકામના પાઠવી હતી.

કાર્યક્રમનું સંચાલન શ્રી કનકરાય વ્યાસે ખૂબ જ સારી રીતે કરી સુંદરસાથજીને નવતનપુરી ધામની પ્રવૃત્તિઓમાં સહભાગી થવા પ્રેરણા પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

**-કનકરાય વ્યાસ**

# ષટ્ કણિકા

**છ શાસ્ત્ર : ન્યાય, સાંખ્ય, યોગ, વેદાંત, મીમાંસા, વૈશેષિક.**

**વેદના છ અંગ : શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, જ્યોતિષ અને છંદ.**

**છ ઊર્મિ : ગર્મી, સર્દી, લોભ, મોહ, ભૂખ અને (લહર) પ્યાસ.**
**અથવા ભૂખ, પ્યાસ, જરા, મૃત્યુ, શોક અને મોહ.**

**છ ગુરુ : વિદ્યા આપવાવાળા, મંત્રદાતા, માતા, પિતા, જેષ્ઠ ભ્રાતા અને પુરોહિત.**

**છ ઋતુ : વસન્ત, ગ્રીષ્મ, વર્ષા, શરદ્, હેમન્ત અને શિશિર.**

**છ ચક્ર : મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ અને આજ્ઞા ચક્ર.**

**છ અવતાર : અંશાવતાર(બ્રહ્માદિ દેવગણ), અંશાશાવતાર(મરીચિ આદિ ઋષિગણ), કલાવતાર(કપિલ આદિ), આવેશાવતાર(પરશુરામ), ચૌદહ કલા યુક્ત અવતાર(શ્રીરામ) અને પૂર્ણવતાર(શ્રીકૃષ્ણ).**

**ષટ્રસ : ખારો, ખાટો, તૂરો, મીઠો, કળવો અને તીખો.**

**છ નાસ્તિક દર્શન : ચાર્વાક, જૈન, માધ્યામિક, યોગાચાર, સૌત્રાન્તિક અને વૈભાષિક.**

**ષડ્ અવસ્થા : શૈશવ, બાલ્ય, પૌગંડ, કિશોર, યુવા અને વૃદ્ધ.**

**ષટ્ પ્રમાણ : પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ, ઐતિહ્ય અને અર્થાપત્તિ.**

**સંકલન : શ્રી યોગેન્દ્ર ઉપ્રેતિ શ્રી ૫ નવતનપુરી ધામ**

---

# સાહિત્ય સેવા

**મોયદ :** શ્રી ભરતકુમાર જયંતીભાઈ પટેલ ફાર્મસીની પરીક્ષામાં સારા ગુણથી ઉત્તીર્ણ થયાની ખુશાલી પ્રસંગે પત્રિકાની સાહિત્ય સેવામાં રૂા. ૫૦૦૧/ ભેટ મળી છે. અભિનંદન. આપશ્રી ભવિષ્યમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતાં રહો એવી હાર્દિક શુભકામના સહ ધન્યવાદ.

**મોયદ (હિંમતનગર) :** શ્રી શાલિનકુમાર બિપીનભાઈ પટેલ શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૫૦૦/ ભેટ મળી છે. આપના સમગ્ર પરિવાર પર શ્રીજીની સદાય મહેર રહે એવી શુભાશિષ.

**હિંમતનગર :** ધામવાસી દાદીમા હીરાબેન નરસીભાઈ પટેલની ૧૧ મી નવેમ્બરના રોજ પુણ્યતિથિ નિમિત્તે પૌત્ર રિતેષકુમાર તથા પુત્રવધૂ હેમલત્તાબેન તરફથી પત્રિકાની સેવામાં રૂા. ૫૦૦/ ભેટ મળી છે.

**અમદાવાદ :** ધર્મજ્ઞશ્રી દિનેશભાઈ બી.

પંચાલની સુપુત્રી ચિ. ડિમ્પલના શુભલગ્ન તા. ૨૯-૧૧-૦૯ ના રોજ આચાર્યશ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજશ્રીના શુભાશિષની અમીવર્ષાથી સુખરૂપ સંપન્ન થયાંની ખુશાલી પ્રસંગે રૂા. ૫૦૦/ ભેટ મળી છે. નવદંપતિ પર સદાય શ્રી રાજજીની અસીમ કૃપા રહે એવી શુભકામના.

**મોરબી :** શ્રી શિવજીભાઈ કરસનભાઈ પદ્મપાણી તા. ૨૧-૧૨-૦૯ ના રોજ નવતનપુરી ધામના દર્શનાર્થે આવી પાકી રસોઈ આપ્યાની ખુશાલી પ્રસંગે સાહિત્ય સેવામાં રૂા. ૨૦૦/ તથા ગૌશાળામાં રૂા. ૫૦૦/ ભેટ મળી છે.

**મજોઠ (રાજકોટ) :** ધર્મજ્ઞશ્રી રમેશભાઈ અરજણભાઈ દુધાગરા તરફથી ચિ. કિશનની સાકરતુલા નવતનપુરી ધામમાં કરાવી અને પ્રથમ વખત શ્રી રાજજીના દર્શનાર્થે લાવ્યાની ખુશાલી પ્રસંગે સાહિત્ય સેવામાં રૂા. ૫૦૧/ ભેટ મળી છે. ચિ. કિશન પર સદાય શ્રીજીની મહેર રહે એવી શુભાશિષ. હ. અરજણભાઈ ભોવાનભાઈ દુધાગરા.

**ધ્રાંગધા :** ધર્મજ્ઞશ્રી જી. ડી. વણકર તરફથી તેઓશ્રીએ પોતાના નિવાસ સ્થાને સાપ્તાહિક પારાયણ કરી તેની ખુશાલી પ્રસંગે ૫૦૦/ ભેટ. વણકર પરિવાર પર શ્રીજીની સદા મહેર રહે એવી શુભકામના.

**સાંકરોડિયા :** ધર્મજ્ઞશ્રી અલ્પેશકુમાર ગોરધનભાઈ પટેલે નવું ટ્રેક્ટર ખરીદ કર્યાની ખુશાલી પ્રસંગે તથા ધર્મપત્ની શ્રીમતી ભાવનાબેનનું ઓપરેશન શ્રી રાજજીની મહેરથી સફળતા પૂર્વક થયું તેમજ ભાઈશ્રી જીગરભાઈને ત્યાં પુત્રરત્ન પ્રાપ્તિ થયાની ખુશાલી પ્રસંગે રૂા. ૩૦૦/ ભેટ મળી છે.

**હર્ષદપુર :** ધામવાસી ધરમશીભાઈ પાંચાભાઈ ચોવટિયાની પુણ્યતિથિ પ્રસંગે સાહિત્ય સેવામાં રૂા. ૨૫૧/ ભેટ મળી છે.

**રાજકોટ :** શ્રી વિરેન્દ્રભાઈ નાથાભાઈ લીંબાણીએ નવા નિવાસ સ્થાન "પ્રણામ" માં ગૃહપ્રવેશ કર્યાની ખુશાલી પ્રસંગે સાહિત્ય સેવામાં રૂા. ૨૫૧/ ભેટ મળી છે. નવું નિવાસ સ્થાન આપશ્રીને સુખરૂપ નિવડે એવી શુભકામના.

**મોવિયા :** ધામવાસી જીવરાજભાઈ અરજણભાઈ લીંબાણીની પુણ્યતિથિ નિમિત્તે શ્રી ૫ નવતનપુરી ધામમાં પાકી રસોઈ આપી તે પ્રસંગે સાહિત્ય સેવામાં રૂા. ૨૫૧/ ભેટ મળી છે.

**દુર્ગ :** શ્રી ભૂપેશભાઈ વાઢેર તરફથી પત્રિકાની સાહિત્ય સેવામાં રૂા. ૨૦૧/ શુભેચ્છા ભેટ મળી છે.

**અંજાર :** શ્રી બલરામભાઈ અમરસિંહભાઈ ચૌહાણના સુપુત્ર ચિ.

હિરેનકુમારને ત્યાં પુત્રરત્ન પ્રાપ્તિ થયાની ખુશાલી પ્રસંગે સાહિત્ય સેવામાં રૂા. ૨૦૧/ મળ્યા છે. અભિનંદન.

**સાંકરોડિયા :** શ્રી શંકરલાલ પ્રભુદાસ પટેલના નવાનિવાસ સ્થાનમાં ગૃહ પ્રવેશ પ્રસંગે પૂજ્ય આચાર્યશ્રી કૃષ્ણમણિજી મહારાજશ્રીની પધરામણી કરાવી તથા પુત્રવધૂ શ્રીમતી રીનાબેનનું સીમંત સારી રીતે સંપન્ન થયું તેમજ ગોટાપારાયણ કરાવી આ બધા પ્રસંગેની ખુશાલી પ્રસંગે રૂા. ૧૫૦/ ભેટ મળી છે.

**ઈડર :** શ્રી જયેશચંદ્ર પંડયા તરફથી પત્રિકાની સાહિત્ય સેવામાં રૂા. ૧૫૧/ શુભેચ્છા ભેટ મળી છે.

**કાલાવડ :** શ્રી કેશવજીભાઈ નાનજીભાઈ પાંભર તરફથી ચિ. નિલમબેન ચિ. વીણાબેનના શુભલગ્ન તા. ૩-૧૨-૦૯ ના રોજ થયાંની ખુશાલી પ્રસંગે રૂા. ૧૫૧/ ભેટ મળી છે.

**રાજકોટ :** ધર્મજ્ઞાશ્રી મંજુલાબેન દિનેશભાઈ વેકરિયા તરફથી પરમધામવાસી દિનેશભાઈ નાથાભાઈની પુણ્યતિથિ પ્રસંગે પારાયણ કરાવી સાહિત્ય સેવામાં રૂા. ૧૫૧/ ભેટ મળી છે.

**સિમરડા :** ધર્મજ્ઞાશ્રી અમીષાબેન મહેન્દ્રભાઈ પટેલને અમેરિકાના વિઝા મળી ગયા એની ખુશાલી પ્રસંગે શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાં તે પ્રસંગે સાહિત્ય સેવામાં રૂા. ૨૦૧/ ભેટ મળી છે.

**ગોંડલ :** શ્રી હરેશભાઈ લાલજીભાઈ લીંબાણી (નિજાનંદ સિમેન્ટ પ્રોડ્કટ) તરફથી પત્રિકાની સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ રૂા. ૧૫૧/ મળી છે.

## રૂા. ૧૦૧/

**રાજકોટ :** ધર્મજ્ઞાશ્રી કાંતાબેન મગનભાઈ પાઘડાર તરફથી ચિ. મયૂરભાઈના જન્મદિનની ખુશાલી પ્રસંગે ભેટ.

**રાજકોટ :** ધર્મજ્ઞાશ્રી ગોવિંદભાઈ પોપટભાઈ વસોયાને નોકરીમાં પ્રમોશન મળ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**રાજકોટ :** શ્રી અંકિત બચુભાઈ તાડાના જન્મદિનની ખુશાલી પ્રસંગે ભેટ.

**ગોધરા :** શ્રી ત્રિભોવનદાસ જેઠાલાલ ખડાયતા તરફથી પત્રિકાની સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**નંદેસરી :** શ્રી ગજેન્દ્રસિંહ હિંમતસિંહ જાદવ તરફથી તેમની મનોકામના પૂર્ણ થયાંની ખુશાલી પ્રસંગે ભેટ.

**હિંમતનગર :** સુશ્રી માનસીબેન ગિરીશભાઈના જન્મદિનની (તા. ૧૭-

૧૨-૦૯) ખુશાલી પ્રસંગે ભેટ.

**પોરબંદર :** શ્રી કેશવજી હરજીભાઈ પુરોહિતે નવું ડીલક્ષ હોન્ડા ખરીદ કર્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**જુનાગઢ :** શ્રી બટુકભાઈ પ્રાણજીવન જોબનપુત્રાના સુપુત્ર જિજ્ઞેશભાઈને ત્યાં ચિ. કરનનો તા. ૬-૧૧-૦૯ રોજ જન્મ થયાની ખુશાલી પ્રસંગે નવતનપુરી ધામના દર્શન કરવા આવ્યા તે પ્રસંગે ભેટ.

**ઉપલેટ :** શ્રી મસરીભાઈ દેવાંગભાઈ શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**સાંબલપુર :** શ્રી વિસનજીભાઈ જયરામભાઈ વાઢેર તરફથી પત્રિકાની સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**મેનપુર :** શ્રી રામસિંહ એલ. ભુરિયા તરફથી પત્રિકાની સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**મોવિયા :** શ્રી સુનિલભાઈ મગનભાઈ લીંબાણી તરફથી ચિ. દેવના જન્મદિનની ખુશાલી પ્રસંગે ભેટ મળી છે.

**મોવિયા :** શ્રી સુનિલભાઈ મગનભાઈ લીંબાણી તરફથી શ્રી ૫ નવતનપુરી ધામમાં પાકી રસોઈ આપ્યાની ખુશાલી પ્રસંગે ભેટ. હ. કેયૂર સુનિલભાઈ લીંબાણી.

**અમદાવાદ :** શ્રી પંકિલ ભદ્રેશભાઈ શાહના લગ્ન પ્રસંગની ખુશાલીમાં ભેટ મળી છે. નવદંપતિને હાર્દિક શુભકામના.

**તલોદ :** શ્રી પી. આર. વણકર તરફથી તેમના પુત્રના લગ્ન પ્રસંગની ખુશાલી અર્થે ભેટ મળી છે.

**જામનગર :** શ્રી ભૂટાલાલ ગાંડુભાઈ સોજીત્રા તરફથી ધામવાસી માતુશ્રી મણિબેન (બેડિયા) ની પ્રથમ માસિક પુણ્ય તિથિ પ્રસંગે ભેટ મળી છે.

**અમદાવાદ :** શ્રીમતી તરુણાબેનને પુત્રરત્ની પ્રાપ્તિ થયાની ખુશાલી પ્રસંગે ભેટ મળી છે.

**ઝાલોદ :** શ્રી ગોપાલભાઈ નટવરલાલ વાઘેલા તરફથી પત્રિકાની સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**સુરત :** શ્રી પદ્માબેન છગનલાલ તરફથી પત્રિકાની સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**સેલવાસ :** શ્રી જયાબેન નવીનચંદ્ર ભાવસારની પૌત્રી ચિ. વાણીના શુભગ્ન ચિ. હર્ષિલ સુશીલભાઈ ભાવસાર સાથે થયાંની ખુશાલી પ્રસંગે ભેટ મળી છે.

**કેશોદ :** શ્રી ગોવિંદભાઈ જેતશીભાઈ સોંલકી શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવી પાકી રસોઈ આપી તેની ખુશાલી પ્રસંગે સાહિત્ય સેવામાં ભેટ મળી છે.

**મોયદ :** શ્રી પોપટભાઈ કેશાભાઈ પટેલ તરફથી લગ્નપ્રસંગની ખુશાલી અર્થે ભેટ મળી છે.

**આમોદરા :** શ્રી નરેશકુમાર પટેલ તરફથી ચિ. યશના જન્મ પ્રસંગની ખુશાલી અર્થે ભેટ મળી છે.

**અલિયાબાડા :** ધામવાસી ખોડાભાઈ ભવાનભાઈ સાવલિયાની પુણ્યસ્મૃતિમાં સાહિત્ય સેવામાં ભેટ.

## રૂા. ૫૧/

૧.સુશ્રી સોનલબેન રવિભાઈ હરસોડા- **રાજકોટ**. ૨.ધર્મજ્ઞાશ્રી ધર્મિષ્ઠાબેન આલાભાઈ સોલંકી- **રાજકોટ**. ૩.રવચંદભાઈ મગનલાલ ગાંધી- **ગાંધીનગર**. ૪. જયરાજસિંહ શૈલેન્દ્રસિંહ સિસોદિયા- **જામનગર**

***ઉપરોક્ત સર્વે સુંદરસાથજીના ઉપર શ્રી રાજશ્યામાજીની સદા મહેર  રહે અને તેઓની સર્વાંગી પ્રગતિ સાથે ધાર્મિક ભાવનામાં અભિવૃદ્ધિ થતી રહે એવા શ્રી ૫ નવતનપુરી ધામના શુભાશિષ***

# ધામગમન

૧. સરડોઈ (મોડાસા) નિવાસી ધનાભાઈ દલાભાઈ પ્રણામીના ધામગમન નિમિત્તે પારાયણ કરાવી અને તેમના આત્મ કલ્યાણાર્થે સાહિત્ય સેવામાં રૂા. ૧૦૧/ ભેટ મળી છે. હ. લલિતભાઈ ધનાભાઈ પ્રણામી.

૨.જુનાગઢ નિવાસી વીણાબેન મેસુરભાઈ સોલંકીનું તા. ૮-૧૨-૦૯ ના રોજ પરમધામગમન થયું છે. તેમના આત્મકલ્યાણ અર્થે સાહિત્ય સેવામાં રૂા. ૧૫૧/ ભેટ મળી છે. હ. મેસુરભાઈ જગમાલભાઈ સોલંકી.

૩.ડુંગરાણી દેવરિયા નિવાસી ગોકળભાઈ ધરમશીભાઈ રોલાનું તા. ૩-૧૨-૦૯ ના રોજ પરમધામગમન થયેલ છે. તેમના આત્મ કલ્યાણાર્થે અખંડપારાયણ, સત્સંગ, ભજન-કીર્તન રાખવામાં આવ્યા હતા. સાહિત્ય સેવામાં રૂા. ૨૫૧/ ભેટ મળી છે. હ. ભીખાભાઈ, જમનભાઈ, જયેશભાઈ રોલા.

૪. સાંગણવા નિવાસી ઉજીબેન માવજીભાઈ પટોળિયાનું તા. ૧૪-૦૯-૦૯ ના રોજ ધામગમન થયેલ છે. તેમના આત્મકલ્યાણ અર્થે સાહિત્ય સેવામાં રૂા. ૨૦૧/ ભેટ મળી છે.

***ઉપરોક્ત ગતાત્માને શ્રી રાજજી પોતાના નિજચરણોમાં સ્થાન આપી શાશ્વત મુક્તિ પ્રદાન કરે તથા તેમના પરિવારજનોને તેઓનું વિરહજન્ય દુઃખ સહન કરવાની શક્તિ અર્પે એજ અભ્યર્થના.***

# પાકી રસોઈની સેવા

| | | |
|---|---|---|
| ૦૧) | ધા.વા. લીંબાભાઈ જસાભાઈ પટોડીયા | જામનગર |
| ૦૨) | સંત શ્રી ભજનદાસજી મહારાજ | શ્રી ૫ નવતનપુરી ધામ |
| ૦૩) | શ્રી કીરીટભાઈ બાબુભાઈ પણસારા | રાજકોટ |
| ૦૪) | ધા.વા. જીવરાજભાઈ અરજણભાઈ લીંબાણી | મોવિયા |
| ૦૫) | શ્રી ભૂપેન્દ્ર સીતૌલા તથા તુસાર સીતૌલા | આસામ(શુકલાઈ) |
| ૦૬) | શ્રી શિવજીભાઈ કરશનભાઈ પદમાણી | મોરબી |
| ૦૭) | શ્રી બાવાભાઈ ધનાભાઈ સખીયા | ખાંભા |
| ૦૮) | શ્રી વિલાસભાઈ જોબનપુત્રા | હૈદ્રાવાદ |
| ૦૯) | ધા.વા. દિનેશભાઈ નાથાભાઈ વેકરીયા | રાજકોટ |
| ૧૦) | શ્રીમતી જમનાબેન ગાંડાલાલ વેકરીયા | રાજકોટ |
| ૧૧) | શ્રી ગોવિંદભાઈ જેતસીભાઈ સોલંકી | કેશોદ |
| ૧૨) | શ્રી રમણીકભાઈ મૂળજીભાઈ દુધાગરા | ધ્રોલ |
| ૧૩) | શ્રી જ્યોત્સનાબેન રમેશભાઈ બાંભોલિયા | રાજકોટ |
| ૧૪) | શ્રી ભૂપેન્દ્રભાઈ વલ્લભભાઈ પટેલ | |
| | તથા નેહાબેન ભૂપેન્દ્રભાઈ પટેલ | બોદાલ |
| ૧૫) | શ્રી પ્રભુદાસ પી. પટેલ | મોયદ |

## જન્મદિનની શુભકામના

શ્રી રમણભાઈ રાયચંદભાઈ પટેલ (U S A) તરફથી તેમના સુપુત્ર શ્રી નરેશ પટેલ અને પુત્રવધૂ પ્રીતિ પટેલને ત્યાં પુત્રરત્ન ચિ. યશ પ્રાપ્ત થવાની ખુશાલીમાં તેઓએ સાહિત્યં સેવામાં $ ૨૦૦ અર્પણ કરેલ છે. શ્રી રાજજી ચિ. યશને સ્વસ્થ રાખે તેમજ સમસ્ત પરિવારમાં સુખશાંતિ છવાઈ રહે તેવી શુભકામના સહ શ્રી ૫ નવતનપુરી ધામના શુભાશીર્વાદ





आनन्द बाबा सेवा संस्था जामनगरमें किडनी डायालीसीस सेन्टर, आंखकी अस्पताल एवं प्राथमिक शालाके विशाल भवनकी भूमि पूजन प्रसंगमें उपस्थित जामनगरके सन्तजन एवं प्रासंगिक उद्बोधन करते हुए पूज्य आचार्य महाराजश्री।





जामनगरमें आयोजित विश्व मंगल गौ ग्राम यात्रामें सम्बोधन करते हुए श्री सुरेन्द्रजी




## सेवा सुरभि

श्री कृष्ण प्रणामी धर्म पत्रिका जनवरी २०१० अंकके प्रकाशनका सौजन्य मूल आमोदरा (सा.कां) वर्तमान **Murfreesboro (TN)U.S.A** निवासी श्री रमणभाई रायचन्दभाई पटेल द्वारा पौत्र यशके जन्मकी खुशीमें प्राप्त हुआ है। नवजात शिशु 'यश' के साथ-साथ समस्त परिवारको श्री ५ नवतनपुरी धाम तथा परम पूज्य आचार्य महाराजश्रीके शुभाशीर्वाद।

RNI No. GUJ BIL /2006/18311 Registration No. GJN-1 / 2009-2011








परम पूज्य आचार्य महाराजश्रीके जन्म दिनके दृश्य






श्री ५ नवतनपुरी धाममें नूतन वर्ष एवं परम पूज्य आचार्य महाराजश्रीके जन्म
दिवसके उपलक्ष्यमें आयोजित रक्तदान केम्प एवं डायाबिटिज परीक्षण शिबिरके दृश्य

PRINTED BOOK

TO :

SHRI KRISHNA PRANAMI DHARMA PATRIKA

SHRI 5 NAVTANPURI DHAM JAMNAGAR - 361 001 (INDIA)